Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૬ • તા. ૮ ફેબ્રુઆરી ૨૦૧૬ થી ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શ્રી ક.દ.ઓ.જૈન શિક્ષણ સોસાયટી

# શ્રી સી.ડી.ઓ. જૈન ઇંગલીશ મીડીયમ સ્કૂલનું ૧૧૧ મું વાર્ષિક સ્નેહ મિલન



દીપ પ્રગટવતા મંચ ઉપર ઉપસ્થિત મહાનુભાવોં





નૃત્યમાં મસ્ત બની ને ડોલતા નાના બાળકો



મંચ ઉપર બિરાજમાન મહાનુભાવોં



Outstanding student of X std Goutami G. Manvi



Outstanding student of X std Shravan M. Hosmani



શૈક્ષણિક અહેવાલ રજુ કરતા શ્રીમતી રોમીલા પી. કોલ્હાર



વાર્ષિક અહેવાલ રજુ કરતા શ્રીમતી માધુરી બી. હિરેમઠ



વિચાર પ્રગટ કરતા, મુખ્ય અતિથિ શ્રી એસ. વી. સંકનૂર



પોતાના વિચાર પ્રગટ કરતા અતિથિ વિશેશ શ્રી I. B. Benkoppa



મંચ ઉપર વિચાર પ્રગટ કરતા શ્રી સુધીર જે. સોની



મંતવ્ય રજુ કરતા શ્રી વિપૂલ એન. લુઠિયા શાળા ના પ્રમુખ







સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરતા શાળા ના બાળકો (ત્રણે તસવીર)

વધુ તસવીરો છેલ્લા કવરપર અને અહેવાલ પાંચમા પાને



# આણંદ પરિવાર અને પટેલ પરિવારનું ગૌરવ

ચિ. કેવલએ CA Final માં પાસ થઈ પોતાની શૈક્ષણિક કારકિર્દીને યશસ્વી બનાવી. તે બદ્દલ **હાર્દિક અભિનંદન.**

ભવિષ્યમાં પણ ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી અમારી શુભકામના તેમજ શુભાશિષ

❖ શુભેચ્છકો ❖

| | | |
|---|---|---|
| દાદાણા | : માતુશ્રી ધનવંતી સોમચંદ દંડ | તેરા - ખામગાવ |
| નાનાણા | : માતુશ્રી લીલાવતી નવિનચંદ્ર મોતા | તેરા - દોંડાઈચા |
| માતા-પિતા | : સૌ. તોરલ નિલેશ દંડ | તેરા - ડોંબીવલી |
| મોટા મમ્મી-પપ્પા | : સૌ. જ્યોત્સના વિનોદ દંડ | ખામગાવ |
| મોટા મમ્મી-પપ્પા | : સૌ. ગીતા રાજેશ દંડ | ખામગાવ |
| ફોઈ-ફુઆ | : સૌ. મિનાક્ષી પ્રવિણચંદ લોડાયા | ડોંબીવલી |
| ફોઈ-ફુઆ | : ગં.સ્વ. કાશ્મીરા કાંતીલાલ ધરમશી | કોચીન |
| ફોઈ-ફુઆ | : ગં.સ્વ. લીના મધુકાંત મોમાયા | મુલુંડ |
| ફોઈ-ફુઆ | : સ્વ. આશા મહેંદ્ર મોતા | ભાંડુપ |
| મામી-મામા | : સૌ. દર્શના લતેશ પટેલ | દોંડાઈચા |
| માસી-માસા | : સૌ. વાસંતી મહેશ લોડાયા | થાણા |
| માસી | : ચિ. પ્રેમલ નવિનચંદ્ર પટેલ | દોંડાઈચા |

**ચિ. કેવલ નિલેશ દંડ**

ગામ : તેરા - હાલ ડોંબીવલી



## હાર્દિક અભિનંદન

**રૂચિ રશ્મિ સંજય લાલકા**

(લાલા - મુલુંડ ઈસ્ટ)

જન્મ તારીખ : ૦૩-૧૨-૧૯૯૧

ચિ. રૂચિએ CA Final 2015 ની પરીક્ષામાં ઉત્તિર્ણ થઈ, અમારા પરિવારનું ગૌરવ વધાર્યું છે.

ERNST & YOUNGમાં Article પૂર્ણ કર્યા બાદ, Companyએ ચિ. રૂચિને Consultantની પદવીએ નિયુક્ત કરેલ છે.

હંમેશા જીવનના દરેક ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ કરે એની મંગળ કામના...

❖ શુભાશિષ ❖

દાદાણા : માતુશ્રી ખેતબાઈ ગોવિંદજી જીવરાજ લાલકા
નાનાણા : માતુશ્રી નિર્મળાબેન શાંતિલાલ કામાણી (પરજાઉ-ઈંદોર)
મોટા કાકી-કાકા : અ.સૌ. હંસા નરેન્દ્ર લાલકા (દુબઈ)
બેન : ચિ. પાયલ નરેન્દ્ર લાલકા (દુબઈ)
બેન-બનેવી : અ.સૌ. દીપલ નેવીલ નાગડા (પરજાઉ-અંધેરી)
ભાભી-ભાઈ : અ.સૌ. હિરલ હર્ષિત સંજય લાલકા

Contact - સંજય : 098338 37733

## BON-VOYAGE TO LONDON



**DARSHAN VIMAL LALKA, MBA**

(Age 24), BANGALORE

The youth renown for certification by **NASA (USA) & JAXA (JAPAN)** in astromaths is deputed to London for enhance training as the senior audit analyst by Ernst and young global limited.

*Wishing him bright future !!*

**NAVINCHANDRA K. LALKA**

**Hubli (Grandfather) & All Family Members.**

Cell : 09242915561, Telefax : 0836-2366888

E-mail : nisc2016@gmail.com

**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 06/2016**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.


# કે.ડી.ઓ. ગ્લોબલ સમિટથી સર્જાયેલા હકારાત્મક વાતાવરણને આગળ વધારીએ

બેંગલોરમાં ૮મી અને ૯મી જાન્યુઆરીએ યોજાયેલા કે.ડી.ઓ. સમિટ ઓન ઈન્ફરમેશન ટેકનોલોજી અને ઈમરજીંગ બિઝનેશના સ્વપ્ન દૃષ્ટા તથા ઈવેન્ટ સ્પોન્સરે જ્ઞાતિ, જ્ઞાતિ મહાજનો તથા સંસ્થાઓને આ સમિટથી સર્જાયેલ હકારાત્મક વાતાવરણને આગળ વધારવા સહયોગ આપવાની તથા તેના મુખ્ય ભાવને અપનાવી લેવાનો અનુરોધ કર્યો છે. ૯૯

સામે પક્ષે મોટા ભાગના મહાજનોના આગેવાનો શું તે ખરેખર તેને જેટલી વિશેષ અને લાભકારી ઘટના તરીકે ગણાવાય છે તે તેટલી ખાસ છે ખરી ? એ બાબત થોડી-ઘણી પ્રશંસા અને થોડી ઘણી મુંઝવણ સાથે મિશ્ર પ્રતિભાવ આપી રહ્યા છે.

જ્ઞાતિ મહાજનો અને સંસ્થાઓ પાસેથી જે અપેક્ષા રાખવામાં આવી છે, તેમાં ચાર મુખ્ય છે :

૧) જ્ઞાતિ મહાજનો અને સંસ્થાઓ જ્ઞાતિમાં સ્ટાર્ટઅપ કલચર ઊભું કરે, એવું વાતાવરણ તૈયાર કરે. જેથી જ્ઞાતિની યુવા પેઢી રોજગાર માંગનારને બદલે આપનાર બને તેમજ જ્ઞાતિની આર્થિક પ્રગતિ જળવાઈ રહે.

૨) જ્ઞાતિ મહાજનો અને સંસ્થાઓ જ્ઞાતિના સાધન સંપન્નોને સમજાવે કે જ્ઞાતિના વંચિતોને પ્રગતિશીલ અને સ્વાવલંબી બનાવવાની તેમની ફરજ છે.

૩) જ્ઞાતિના મહાજનો- સંસ્થાઓ-ધાર્મિક સંઘો મહાવીર સ્વામીની માતાને એ ગર્ભમાં આવ્યા ત્યારે આવેલા ૧૪ સ્વપ્નોની જેમ જ્ઞાન માટે રકમ એકઠી કરવા સરસ્વતિ સ્વપ્ન ઝુલાવવાનું આયોજન કરે.

૪) જ્ઞાતિની યુવા પેઢી જ નહીં વડીલ પેઢી પણ સ્માર્ટ ફોન દ્વારા ઊભી થયેલી સંકળાયેલા રહેવાની તથા એક બીજાના સુખ-દુખ એ પ્રગતિમાં ભાગીદાર બનવાની સંભાવનાઓનો પૂરેપૂરો ઉપયોગ કરે તે માટે જ્ઞાતિ મહાજનો સંસ્થાઓ, યુવા અને મહિલા મંડળો તેમને સ્માર્ટ મોબાઈલની ખૂબીઓથી પરિચિત કરાવે.

ઉપરોક્ત પ્રથમ મુદ્દા અંગે એવું વ્યવહારિક સૂચન કરી શકાય કે જો કે.ડી.ઓ. ગ્લોબલ સમિટના આયોજકોએ પોતે ઉતારેલ સમિટના વીડીઓ શુટીંગમાંથી ૧) સ્ટાર્ટ અપ સંબંધી ૨) ઈન્ફરમેશન ટેકનોલોજી સંબંધી ૩) ઈમરજીંગ બિઝનેશ સંબંધી એવી ત્રણ અલગ સીડીઓ બનાવી દરેક મહાજનને મોકલવી જોઈએ જેથી મહાજનો સંબંધિત વિસ્તારના કિશોર-કિશોરીઓ, યુવક-યુવતિઓ માટે તેના કાર્યક્રમ યોજી સ્ટાર્ટઅપ પ્રેરક વાતાવરણ તૈયાર કરી શકે.

બીજા મુદ્દામાં જ્ઞાતિ મહાજનો તેમના ક્ષેત્ર વિસ્તારના નબળા અને વંચિતોનું જીવન ધોરણ સુધારવા માટે વધુ સક્રિય બને તે બાબત પર ભાર મૂકવામાં આવ્યો છે. આમાં મુંબઈ મહાજનને અપવાદ રૂપે ગણીને બીજા સ્થાનિક મહાજનો તરફ વધુ અંગુલિ નિર્દેશ થયો છે તેમ સ્વીકારવું પડે તેમ છે. અલબત્ત, નબળા જ્ઞાતિ કુટુંબો તેમનાં કિશોર-યુવા વયનાં સંતાનો સહિતની વિગતવાર માહિતી એકત્ર કરી તેમાં વખતો વખત અને છેલ્લામાં છેલ્લી માહિતી ઉપલબ્ધ રહે તેવી યંત્રણા ગોઠવવાનું મુંબઈ મહાજન સહિત મોટા ભાગના મહાજનોએ વિચાર્યું જ નથી, તે એક વિચિત્ર કમનસીબી છે. આ દિશામાં સમિટના આયોજકોને દરેક મહાજન સાથે સંકલન જળવાઈ રહે તેવી કેન્દ્રીય વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. મહાજનો આ મુદ્દા બાબતે પ્રવૃત્ત થાય તેવું સૂચન કરીને તેમના ભરોસે છોડી દેતાં શું પરિણામ આવશે તે આપણે સૌ જાણીએ છીએ.

આ સંબંધમાં દેવદૂત રોકાણકારો (એન્જલ ઈન્વેસ્ટર)નો ખ્યાલ સારો છે પણ દરેક વાતમાં નાણાકીય જોખમ ઉઠાવનારને વધુ મળવું જોઈએ, બૌદ્ધિક-વ્યવસ્થાપકીય કામ કરનારને થોડું ઓછું અને સમાજને એ બન્ને પોતાની મરજી પ્રમાણે આપે એવી વ્યવહારિક સમાજરચનાને બદલે સમાજના આગેવાનો આ બન્ને પરસ્પર લાભકારી લોકોને નજીક લાવવાનો મંચ રચતા હોય તો તેની ફી તરીકે બન્નેએ સમાજને કંઈક આપવું જ જોઈએ એવી વ્યવહારિક સમજ ઊભી થવી જોઈએ. તો જ આ વિચાર વ્યવહારુ અને લાભકારી બની શકે.

આની સાથોસાથ, જે યુવાઓ કે અન્યો પોતાના મૌલિક અને નાવીન્યતા (ઓરીજનલ અને ઈનોવેટીવ) ધરાવતા પ્રોજેક્ટ અંગે સ્ટાર્ટઅપમાં જોડાવા ઈચ્છુક હોય તેમના પ્રસ્તાવો અને તેની વિગતો એંજલ ઈન્વેસ્ટ ગ્રુપ કે તેણે નીમેલી ડ્યુ ડીલીજન્સ કમિટી જેવી પેટા સમિતિના સભ્યો, કઈ

રીતે ગુપ્ત રાખશે તે બાબતે સુરક્ષિતા અને વિશ્વનીયતાના મુદે પણ આ રોકાણકારોના ગ્રુપે પુરતી વિચારણા કરવાની રહેશે.

સરસ્વતી સ્વપનાની પરિકલ્પના આ પહેલાં પણ જ્ઞાતિ સમક્ષ મૂકવામાં આવી હતી. મુંબઈ મહાજન અને અનંતનાથજી ટ્રસ્ટના ૨૦૧૦-૨૦૧૫ના સંચાલકોએ સપનાની ધૃત બોલીની ઉછામણીમાં આદેશ અપાય તેની સાથોસાથ 'મણ' દીઠ એકાદ રૂપિયાનો વધારો શૈક્ષણિક ખાતામાં આપવાનો રહે તેવો નિર્ણય લીધેલો આ જાતની જ ભૂમિકા અન્ય મહાજનો કરે તેવો પ્રસ્તાવ છે. અલબત્ત, ધજા, કળશ, જેવા સપનાંની જેમ આ માટે જુદા ચિહ્નો આકૃતિ બનાવવાની પ્રક્રિયા પ્રારંભાઈ છે અને કેટલાક યુવાઓએ એમાં પોતાની સર્જનાત્મક પ્રતિભા કામે લગાડી છે. તે રીતે જોઈએ તો આ નવા 'શૈક્ષણિક' સપનાંઓને દરેક મહાજન – દેરાસર ટ્રસ્ટ અપનાવે તેવી અભિલાષાને સાકાર કરવા સમીટ પશ્ચાતના સંચાલનકર્તાઓએ ભરચક પ્રયાસો કરવા પડશે. અલબત્ત, આ બાબતે જ્ઞાતિના મહાજનો અને ટ્રસ્ટોની અધિકાંશપણે સ્વીકૃતિ મળે તે માટે દરેક વિસ્તારના જ્ઞાતિના યુવાવર્ગે આગેવાની લેવી પડશે.

આશા નહીં શ્રધ્ધા રાખીએ કે સમિટમાં ઉપસ્થિત રહેલ બહુસંખ્ય યુવક-યુવતિઓ જ્ઞાતિના ઉર્ઝામંચથી પરિચીત થયા. તેના તરંગો સમગ્ર જ્ઞાતિમાં વ્યાપક બને તેમજ જ્ઞાતિના વિવિધ અગ્રણીઓની અહમ્ ટકરાવની માનસિકતા પર સમજદારીનો વિજય થશે અને આપણે પ્રગતિના ગિરીરાજની યાત્રા પહેલાં તળેટી પૂજન કે ભોમિયાજી વંદન જેવા કે.ડી.ઓ. ગ્લોબલ સમિટની ફલશ્રુતિને વધુ સ્પષ્ટ, વધુ નક્કર અને વધુ લાભકારી બનાવવાનો પડકાર સહિયારી રીતે ઝીલી બતાવશું.


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.


## ભલે અનેક વટવૃક્ષ પામે પૂર્ણતા....


તિલકચંદ લોડાયા - ચેન્નઈ,
ourbrotherhood@yahoo.co.in




કે.ડી.ઓ. ગ્લોબલ સમિટની ઉપયોગિતા સંબંધે બધા પાસેથી મેળલા પ્રતિભાવો દર્શાવે છે કે મોટા ભાગના સહભાગી થયેલાઓ તેને ૧૦માંથી ૧૦ ગુણ આપે છે. એ બધા બેંગલોરુથી ચાર્જડ થઈ (થનગનાટ અનુભવી) પાછા ગયા છે.

દરેક ક્ષેત્રમાં સીમાડા વિસ્તારતી વૃધ્ધિ અને આકાશને આંબતી નિપુણતા ધરાવનારા લોકો પાસે જ નેતૃત્વ હોય છે. સમિટનો હેતુ આપણા યુવાનોને સીમાડા વિસ્તારવા માટે સજ્જ કરવા તેમજ તેમને આ સજ્જતાનો ઉપયોગ ઉચ્ચ ગતિવાળી નિપુણતાથી વૃધ્ધિ પામવાની સાનુકૂળતા તથા તેમની બહુમુખ મેઘા વિસ્તારવાનો હતો. આવો યુવાન હંમેશા ભીડમાં અલગ તરી આવે.

આપણે તેમના મસ્તિષ્કને ખુલ્લાપણાનો સ્પર્શ કરાવવાનો પ્રયત્ન કર્યો. આપણે તેમને સમજાવ્યું કે રૂનું પુમડું આંખથી દૂર હોય ત્યારે જરા જેટલું રૂ હોય પણ આંખની એકદમ પાસે લાવીએ તો તે આખાય વિશ્વને ઢાંકી દે છે આમ આપણે તેમની દૃષ્ટિ સ્પષ્ટ કરી. તેમને ભરોસો આપ્યો કે તેમના વિકાસ માટે સર્જન તેના શ્રેષ્ઠ સ્વરૂપે નજર સામે છે અને હાથવેંતમાં છે. આપણે ઇચ્છયું કે પરિવતર્નનું જે સ્વરૂપ લેવા માંગે છે તે માટે તેમને સહાયરૂપ બનીએ. આપ આપણે આપણા યુવાનોના ગ્રહણશીલ મનમાં આવા હકારાત્મક વિચારોના બીજ વાળીએ અને પ્રર્થીએ કે તે સમિટ જ્યાં ભરાયું તે હોટલના ચોગાનમાંના વટવૃક્ષની જેમ એ બીજ વિકસે.

શ્રી સી.ડી.ઓ. જૈન ઇંગલીશ મીડીયમ સ્કૂલનું ૧૧૧ મું વાર્ષિક સ્નેહ મિલન, આ સ્કૂલના ઇતિહાસ ના પાના ઉપર સુવર્ણ અક્ષરે લખવા જેવો કાર્યક્રમ હતો. આ વાર્ષિકોત્સવ ખુબજ ધામધૂમથી પ્રમુખ શ્રી વિપુલ નરેન્દ્ર લુઠીયા, સેક્રટરી રવિન્દ્રકુમાર કુવરજી લોડાયા અને તેમની ક્મિટિમી નેજા હેઠળ ઉજવાયું હતુ. તા. ૦૫-૦૧-૨૦૧૬ ના સાંજના ૬-૦૦ વાગે કાર્યક્રમની શરૂઆત શ્રી નવકાર મહામંત્રથી થયેલ. મુખ્ય અતિથિ તરીકે પધારેલ શ્રી  S. V. Sanknur, MLC, Gadag અતિથિ વિષેશ તરીકે પધારેલ શ્રી  I. B. Benkoppa, BEO, Gadag અને અતિથિ વિષેશ શ્રી Sudhir J. Soni  પ્રમુખ, શ્રી ક.દ.ઓ. જૈન મહાજન, શ્રી તિલકચંદ કુંવરજી લોડાયા, ચેન્નઈ. શર્વ મહાનુભાવોં ના શુભ હસ્તે દીપ પ્રગટાવવામાં આવેલ. શાળાના બાળકો (ધોરણ Pre-Lkg થી ધોરણ 10 સુધીના) દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરેલ. જેમા નાટિકા, સોલો તથા ગ્રુપ નૃત્ય પણ હતા.

પધારેલ અતિથિઓ ના હસ્તે વિવિધ ઇનામો વિતરણ કરવામાં આવેલ. દરેક ધોરણમાં સર્વોત્તમ વિદ્યાર્થી તથા વિદ્યાર્થીની ને શીલ્ડ આપવામાં આવેલ.  પ્રત્યેક ધોરણમાંથી વધારે ગુણાંક મેળવનાર વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીને શીલ્ડ આપવામાં આવેલ. પ્રત્યેક ધોરણમાંથી વધારે ગુણાંક મેળવનાર વિદ્યાર્થી ને ઇનામ આપવામાં આવેલ.

દશમા ધોરણનો વિદ્યાર્થી કુમાર શ્રવણ હોસમની ને outstanding boy તરીકે નું ઇનામ રૂ. ૧૧,૦૦૦/- તથા કુમારી ગૌતમી માનવી ને outstanding girl તરીકે નું ઇનામ રૂ. ૧૧,૦૦૦/-  સ્કૂલ વતી આપવામાં આવેલ.

મુખ્ય અતિથિ શ્રી S. V. Sanknur એ પોતાના વિચારો જણાવેલ કે આ ૨૧ મી સદી છે જે જ્ઞાન નો યુગ કહેવાય છે. હવે કમ્પ્યુટર અને તંત્રજ્ઞાન બધા બાળકો માટે જરૂરી છે સાથે જણાવેલ કે આપણી શાળા ઉત્તમકોટીનું શિક્ષણ આપી રહી છે જે બાળકો ના વિકાસ માટે આત્યંત જરૂરી છે. આપણી શાળા ના ખૂબ વખાણ કરી ને શાળા ની શોભા વધારેલ.

અતિતિ વિષેસ શ્રી I. B. Benkoppa એ જણાવેલ કે શાળા ની સાથે, પાલકો પણ પોતાની જવાબદારી સમજીને બાળકોને પ્રોત્સાહન આપવું જોઇએ. આપણી શાળા નો infrastructure ના વખાણ કરતા કહ્યું કે આવું ઉત્તમ શિક્ષણ મેળવતા બાળકો ખૂબજ નસીબવાળા છે. એ બાળકો આગળ વધીને આપણા સમાજને પણ ઉન્નતિના માર્ગે લઈ જશે. નાના બાળકો પણ અંગ્રેજી બોલે છે એ જોઇને ઘણા રાજી થયા.

અતિથિ વિષેશ શ્રી Sudhir J. Soni એ કહ્યું કે આપણી શાળા માટે હમેશા શ્રી ક.દ.ઓ.જૈન મહાજન, ગદગ પીઠબળ તરીકે રહેશે. બાળકો માટે સારા માં સાંરુ શિક્ષણ પ્રદાન કરવું એ મુખ્ય લક્ષ્ય રહેશે. એમણે કહ્યું કે હવેના બાળકો સાથે માતા-પિતા ને મિત્ર જેવુ વર્તન કરીને પોતાના બાળકોનો ઉછેર કરવો જોઈએ.

શાળા ના પ્રમુખ શ્રી Vipul N. Luthia એ પોતાનું મંતવ્ય રજૂ કરતાં કહ્યું કે આપણી જ્ઞાતી શૈક્ષણકિ સંસ્થાઓમાં ગદગની ૧૧૧ વર્ષ જુની આ સ્કુલ મોખરાનુ સ્થાન ધરાવે છે. શાળાનાં દરેક બાળકના વિકાસ નો સંપૂર્ણ ધ્યાન રાખીને ઉત્તમ દર્જાનું શિક્ષણ તથા શૈક્ષણિક વ્યવસ્થા કરવામાં આવી છે. બાળકના સંપૂર્ણ વિકાસ માટે પાલકોનો સાથ સહકાર પણ અત્યંત જરૂરી છે. દરેક બાળકે ઇંગ્લીશ માં બોલવાનો પ્રયત્ન કરવો જોઇએ એના માટે સંસ્થા દ્વારા Spoken English Course ના Classes પણ ચલાવાય છે.

શાળાનાં Administrator શ્રીમતી Romila P. Kolhar એ વાર્ષિક શૈક્ષણિક પ્રગતિનો અહેવાલ રજુ કરેલ અને મુખ્ય અધ્યાપિકા શ્રીમતી Madhuri B. Hiremath એ વાર્ષિક કાર્યક્રમ નો અહેવાલ પ્રસ્તુત કરેલ.

શાળાનાં ભૂતપૂર્વ મુખ્યો અધ્યાપિકા શ્રીમતી Vijayaben Ratilal Bhagat એ રૂ ૭૫૦૦/- નું Donation શાળાને આપેલ એમનો ખૂબ ખૂબ આભાર.

આ વખતે આપણી શાળાના બાળકો એમના પાલકો તથા મહેમાનો માટે સ્વદિષ્ટ ભોજન નું આયોજન કરવામાં આવ્યું હતું. આશરે ૪૫૦૦ જણ ની ભોજનની વ્યવસ્થા શ્રીમતી Vimalaben Sanjay Mota તથા શ્રી Sanjay T. Mota તથા તેમનાં સાથીઓએ સુંદર રીતે સંભાળેલ. તેમની નિસ્વાર્થ ભાવે સેવા આપવા બદલ શાળા વતિ તેમનો ખૂબ ખૂબ આભાર.

શ્રી પાર્શ્વ કચ્છી યુવા મંડળ તથા શ્રી ગુજરાતી મિત્ર મંડળ એ Volunteers ની જવાબદારી ખૂબજ સારી રીતે સંભાળેલ અને કાર્યક્રમ ને પાર પાડેલ એમનો પણ શાળા વતિ આભાર માનવામાં આવેલ.

સ્કૂલ ના સર્વે શિક્ષકોનું શાળા વતિ આભાર માનવા માં આવેલ. જેના સહકાર વિના આ શક્ય ન હતું.

પહેલી વાર આખા ગદગ માં આટલો મોટો મંચ અને મોટી સંખ્યામાં લોકોની હાજરી હતી. મંચની ગોઠવણ ખુબજ સુંદર lighting effects and Visual backgound સાથે નવીન પ્રકારે આયોજન થયેલ.

મનોરંજન ના ધમાકેદાર કાર્યક્રમ સાથે સંપૂર્ણ કાર્યક્રમ સંપન્ન થયો. કાર્યક્રમ નું સંચાલન શિક્ષકો ના સહકાર થી વિદ્યાર્થીઓ એ કરેલ. કુમારી Dristi V. Shah અને કુમારી Vaibhavi B. Dharamshi એ આવકાર તથા આભાર દર્શન પ્રગટ કરેલ.

એકં દરે શાળનો મેળાવડો ગદગ માં લોકપ્રીય અને યાદગાર કાર્યક્રમ રહ્યો. તસવીરો ૧લા કવર પર Jyoti Graphics, GDG. 9448422072



## પ્રશ્નો આપણા/આપના : માર્ગદર્શન પૂજ્ય જયદર્શિતાશ્રીજીનું

પ્રકાશ સમીક્ષાના આમંત્રણથી પૂ.સા.શ્રી ડૉ. જયદર્શિતાશ્રીજી મ.સા.એ ધર્મ અંગે સાચી સમજ કેળવવા ઇચ્છતા શ્રાવક-શ્રાવિકાઓ માટે તેમના પ્રશ્નોના સરળ ઉત્તર આપવાનું સ્વિકાર્યું છે. જ્ઞાતિજનોને તેમના ધર્મ જ્ઞાનનો પુરો લાભ લેવા નમ્ર વિનંતી.

શ્રાવક-શ્રાવિકાઓને પોતાના પ્રશ્ન પ્રકાશ સમીક્ષાની ઓફિસને સરનામે કે E-mail ID : kdoprakash@gmail.com પર મોકલવા, જેના ઉત્તર તેની અગત્યતા પ્રમાણે અપાશે.

### પંચમ ધૂપ પૂજા

**પ્રશ્ન : ચોથી ગંધ - વિલેપન પૂજા પછી પાંચમી ધૂપ પૂજા શા માટે કરવાની છે ? તેમજ કેવી રીતે કરવાની છે ?**

**ઉત્તર** - આપણે દર વરસે પર્વાધિરાજ પર્યુષણ પર્વમાં કલ્પસૂત્ર સાંભળીએ છીએ. એમાં પરમાત્મા મહાવીરસ્વામીનું જીવન ચરિત્ર વિસ્તારથી જણાવવામાં આવ્યું છે. એમાં ભગવાન મહાવીરસ્વામીના ગર્ભહરણની વાત આવે છે. સૌધર્મેન્દ્રની આજ્ઞા પામીને હરિણગમૈશી દેવ દેવાનંદાની કુક્ષિમાંથી પ્રભુજીને જ્યારે ત્રિશલા દેવીની કુક્ષિમાં મૂકે છે ત્યારે પ્રભુજીને ગ્રહણ કરતાં પહેલાં અશુભ પદ્‌ગલોને દૂર કરીને શુભ પદ્‌ગલોને ફેલાવે છે. પ્રભુજીની આજ્ઞા લે છે, પછી પ્રભુજીને હસ્ત સંપુટમાં ધારણ કરે છે. આ ક્રિયા શા માટે છે ? પવિત્ર-મહાન-અલૌકિક પરમાત્માના સન્માન - સત્કાર અને વિનય માટેની આ વિધિ છે. પરમાત્મ તત્વની મહાનતા અને ગરિમાને જાળવવા વાતાવરણને સતત શુદ્ધ અને સુગંધી રાખવાની આવશ્યકતા છે. એ માટે પરમાત્માની ધૂપ પૂજા પ્રધાન ભાગ ભજવે છે. દુર્ગંધના નાશ માટે સુંગધનો પ્રસાર કરવા જે દ્રવ્યથી ધૂપ પૂજા કરવામાં આવે છે. ધૂપ પૂજા દુર્ગંધ સાથે ભાવથી દુર્ગતિ, દુષ્કર્મ, દુઃખનો નાશ કરે છે. અનંત સુખને અપાવનાર ઉર્ધ્વગતિ કરાવે છે. ધૂપની ગતિ જેમ ઉર્ધ્વ છે તેમ આત્માની સ્વાભાવિક ગતિ ઉર્ધ્વ છે. ઉર્ધ્વગતિ દ્વારા મોક્ષને પામવા માટે ભાવપૂર્વક ધૂપ પૂજા કરવાની છે.

ધૂપ પૂજા કરતાં ધૂપ કે અગરબત્તીને ડાબેથી જમણે વર્તુળાકાર ફેરવવાની છે. ધૂપ પૂજા ગભારાની બહાર જ કરવાની છે. ગભારામાં જઈને ધૂપ પૂજા કરવાની નથી. પ્રથમની ચાર પૂજાઓ અંગ પૂજાઓ છે પ્રભુ પ્રતિમાને સ્પર્શ કરીને કરવાની છે તેજ ગભારામાં થાય છે. બાકીની પૂજાઓ અંગ પૂજા નથી,


॥ શ્રી મોમાઈ માતાજી નમઃ ॥

**શ્રી મોમાઈ માતાજી મોમાયા પરિવાર (સાંયરા) હાર્દિક આમંત્રણ**

સહર્ષ જણાવવાનું કે સાંયરામાં બિરાજમાન આપણા કુળદેવી શ્રી મોમાઈ માતાજીની છઠ્ઠી સમુહ પહેડી મુંબઈ મધે સવંત ૨૦૭૨ ચૈત્ર સુદ ૧૧ ને રવિવાર, તા. ૧૭/૦૪/૨૦૧૬ના શુભ દિવસે આયોજીત કરવામાં આવેલ છે.

**❖ લાભાર્થી દાતા પરિવાર ❖**

**માતુશ્રી લક્ષ્મીબાઈ રતિલાલ ખીમજી મોમાયા પરિવાર** (સાંયરા હાલે ડોમ્બીવલી)

હસ્તે - **અ.સૌ. પ્રિયાબેન દેવેન્દ્ર મોમાયા પરિવાર તથા**

હસ્તે - **અ.સૌ. નિરંજનાબેન કિશોર મોમાયા પરિવાર તથા**

**પ્ર.પૌત્રી ચિ. ધ્રુવિકા અને પ્ર.પૌત્ર ચિ. ધ્રુવાન્સ પરાગ મોમાયા**

**❖ શુભ સ્થળ ❖**

શ્રી કપોળવાડી, એમ.જી. રોડ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ.

**❖ સમય અને તારીખ ❖**

તા. ૧૭/૦૪/૨૦૧૬, રવિવાર સવારના ૮ કલાકથી

**સાંયરામાં બિરાજમાન શ્રી મોમાઈ માતાજીને નમતા ભાવિકો સહપરિવાર એવમ્ નિયાણી બહેનો દિકરીઓ સહપરિવાર તેમજ આમંત્રિત મહેમાનોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

નોંધ : કાળા વસ્ત્રો પહેરીને ન આવવા કાળજી લેશોજી

**સંપર્ક : શ્રી હીરાચંદભાઈ મોમાયા** (ઘાટકોપર) 098703 36826

| | | | | | |
|---|---|---|---|---|---|
| **શ્રી ધનપતિભાઈ મોમાયા** | (જલગામ) | 094231 85716 | **શ્રી પંકજભાઈ મોમાયા** | (ઘાટકોપર) | 098201 43287 |
| **શ્રી મહેન્દ્રભાઈ મોમાયા** | (રાજકોટ) | 090997 00444 | **શ્રી પ્રવિણભાઈ મોમાયા** | (સેંધવા) | 094250 89966 |
| **શ્રી ભદ્રેશભાઈ મોમાયા** | (મુલુન્ડ) | 098331 31359 | **શ્રી શ્રેણીકભાઈ મોમાયા** | (મુલુંડ) | 093237 85320 |

**નિમંત્રક : ભોઈમાં જયાબાઈ નવિનચંદ મોમાયા તથા મોમાઈ માતાજી મોમાયા પરિવારના જય માતાજી**

KDO અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**

# નારી તું નારાયણી

## નારીઓની સિધ્ધીઓનું અભિવાદન



## રવિવાર, તા. ૧૩ માર્ચ ૨૦૧૬

**બપોરના ૨.૩૦, સ્થળ : નરશી નાથા સભાગૃહ, ભાંડુપ અનંત સિધ્ધી**

૨૦૧૦ ફેબ્રુઆરીથી ૨૦૧૬ ફેબ્રુઆરી સુધીમાં જે બહેનોએ (કોઈપણ ઉંમર) સ્ટેટ/નેશનલ કે (રાજ્ય/રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય) લેવલ પર કોઈપણ ક્ષેત્રે સિધ્ધિ હાંસલ કરી હોય તેની વિગતો પ્રુફ સાથે બાયોડાટા, બંધ કવરમાં તા. ૨૬-૨-૨૦૧૬ થી પહેલા સંસ્થાના કાર્યાલય પર મોકલવા વિનંતી.

ક.દ.ઓ. સમાજની નારીએ સમાજ અને પરિવારના વિકાસમાં તેની કુશળતા, ભણતર અને બુધ્ધિ ધનથી હરણફાળ ભરી છે અને વૈશ્વિક સ્તરે તેનું ફલક વિસ્તાર્યું છે એક તરફ સામાજીક, માનસિક, આર્થિક સધ્ધરતા વધી છે. બીજી તરફ આ દેખાતી સુંદર હકીકતની અંદરના પાસાઓના પ્રશ્નો અને નિરાકરણોને આવરી લેતું ગ્રુપ ડિબેટ આયોજવામાં આવ્યું છે. જેમાં કોઈપણ હઠાગ્રહ, દુરાગ્રહ કે પૂર્વગ્રહ વિનાના પારદર્શક વિચારોને વાચા આપી સમાજના વિવિધ પ્રશ્નોને રજુ કરી સમાજના ઉત્કર્ષની નવી દિશાઓ ખુલે એને દ્રષ્ટિમાં લઈ વધુમાં વધુ સંખ્યામાં સમાજની બેનોને ભાગ લેવા આમંત્રિત કરીએ છીએ.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ**

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મસ્જિદ બંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

ફોન : 022-2344 8274 • ઈ-મેલ : anantnathderasar@gmail.com

કન્વીનર્સ : **કલ્પના દિપક ધરમશી - 098691 21601**

**• બહેનોની સિધ્ધિઓના સીલેક્શનનો આખરી નિર્ણય સીલેક્શન કમિટીનો રહેશે.**

---

II Shree Anantnathay Namah II

HEALTH WEALTH

# SHETH SHRI NARSHI NATHA MEDICAL TRUST

KDO અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

**(REGISTERED UNDER BOMBAY PUBLIC TRUST ACT, 1950 REG. NO. E-11572 (BOM.) DATED 24.2.1988)**

**C/o. SHRI KUTCHI DASHA OSWAL JAIN GNATI MAHAJAN, MUMBAI**

SHRI ANANTNATHJI JAIN DERASARJI, ANANTNATHJI CHOWK, 302 / 306, NARSHI NATHA STREET, MUMBAI - 400 009. Tel.: 2344 8274

## સ્થૂળતા બાબતે માર્ગદર્શન

દરેક વાલીઓ એમ ઈચ્છતા હોય છે કે તેમના સંતાનો શારિરીક રીતે સક્ષમ અને સુસજ્જ બને પરંતુ તેમના દ્વારા ખાવા-પીવાની બાબતમાં વધુ પડતા સ્નેહ/લાડનું પરિણામ એ આવે છે કે તેઓના સંતાનો બાળપણમાં જ વધુ પડતી બિનજરૂરી આહાર લેવાને કારણે સ્થૂળકાય બની જતાં હોય છે. મોટા ભાગના વાલીઓ એ વાત સ્વીકારવા પણ તૈયાર નથી હોતા કે તેમના સંતાનો સ્થૂળ બની ગયાં છે કે બની રહ્યાં છે. આવા સમયે જરૂર છે અમૂક ગેરસમજણોને દૂર કરવાની તથા બાળકોમાં વધતા સ્થૂળતાની સમસ્યા બાબતે જાગૃતિ લાવવાની.

**ગેરસમજણ :** ડાયાબિટિઝ / કોલેસ્ટ્રોલને ઊંચુ પ્રમાણ /હાઈ બ્લડપ્રેશર માત્ર વયસ્ક લોકોમાં જ થતા રોગ છે. • ભારતમાં બાળકોમાં સ્થૂળતાનું પ્રમાણ અસામાન્ય છે. • સ્થૂળ બાળક અન્યથા સ્વસ્થ જ હોય છે. • સ્થૂળતા ધરાવનાર માટે ખોરાક પ્રણાલી વધુ પડતી કડક અને જડતા ભરેલી હોય છે. • સ્થૂળતા ધરાવનાર બાળકો શાળાના સમય બાદ કસરત કરવાથી થાક અનુભવે છે.

લોકોમાં સ્થૂળતા બાબતે વ્યાપ્ત ગેરસમજણો અને શંકાઓના નિવારણ માટે તથા સ્થૂળતાના કારણો, લક્ષણો, કસરતો અને પોષણ બાબતે જાણકારી મળી શકે એ માટે આયોજિત પરિસંવાદમાં ભાગ લેવા માટે મહાજન કાર્યાલય સંપર્ક કરવો.

ફેસીલીટિટર : **ડૉ. સ્નેહલ તન્ના** - ડાયબીટીઝ કન્સલટન્ટ - Gold Medalist (૧૫ વર્ષનો અનુભવ)

વહેલા તે પહેલાના ધોરણે ૭૫ રજીસ્ટ્રેશન • ઉંમર ૧૮ વર્ષથી નીચે

વધુ વિગત માટે: **મનિષાબેન પોલડીયા** – 98695 76527, **રિતેશ ખોના** – 98219 15642 (સમય : બપોરે ૪.૦૦ થી ૬.૦૦)

ફોર્મ માટે : **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન કાર્યાલય,** (સમય : ૧૨ થી ૬ કલાકે) ડોમ્બીવલી : **હેમંત ધુલ્લા - 99205 56270**

ઘાટકોપર : **મયુર લોડાયા - 93223 11146** • મુલુંડ : **રિતેશ ખોના - 98219 15642** • ભાંડુપ : **અનંત સિધ્ધી - 25951372**

ફોર્મ પ્રાપ્તી : anantnathderasar@gmail.com • Wats : યોગેશ કુરૂવા - **88793 24005**, રિતેશ ખોના - **98219 15642**, ચંદ્રેશ ડાઘા - **88989 89096**

કાર્યક્રમની વિગતો : **રવિવાર, તા. ૨૧ ફેબ્રુઆરી, ૨૦૧૬,** સમય : ૧૦.૩૦ કલાકે...

સ્થળ : જ્યુપિટર લોન્જ, પહેલે માળે, જ્યુપિટર હૉસ્પિટલ, વિવિઆના મોલની બાજુમાં, થાણા (વેસ્ટ).

**નોંધ :** ૧) આ કાર્યક્રમ મુંબઈની હદમાં વસતા જ્ઞાતિજનો માટે છે. ૨) રજીસ્ટ્રેશન કમ્પલસરી ફી ૧૦૦/- રિફંડએબલ

અગ્ર પૂજાઓ છે. તે પરમાત્માની સામે કરવાની છે. રંગમંડપમાં કરવાની છે.

ધૂપ પૂજા માટે ખાસ જિનાલય માટે કરાતી અગરબત્તીઓ વાપરવાની છે. શુદ્ધ હોય, શુદ્ધ દ્રવ્યની બનેલી હોય તથા જેમાંથી અતિ ધુમાડો ન થતો હોય. તીવ્ર ગળાને હેરાન કરે તેવી એસન્સ વાળી ન હોય એવી જ અક્ષરબત્તી અગરબત્તી વાપરવાનો આગ્રહ રાખવાનો છે. કૃષ્ણાગરૂ ધૂપ વિશેષથી વાપરવું જોઇએ. હાલમાં દશાંગી ધૂપ વાપરવાનો વ્યવહાર ચાલે છે. અન્યદર્શનમાં વપરાતી અગરબત્તીઓ દેરાસરમાં ન વપરાય.

**પ્રશ્ન : કોઈ પણ વિશેષ તપ કે નવ્વાણુયાત્રાદિ કર્યા પછી સાંજી આદિ કાર્યક્રમ રાખવોજ જોઇએ એવો નિયમ છે ?**

**ઉત્તર –** તપ કે અન્ય કોઈ આરાધના શા માટે કરવાની છે ? તે સમજવાની પ્રથમ આવશ્યકતા છે. દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે – આ લોકના સુખોને માટે, પરલોકના સુખોને માટે અથવા યશ કિર્તિ માટે તપ કરવાનું નથી આવા લક્ષ્ય સાથે કોઈ આરાધના કરવાની નથી. તપ કે આરાધના એક માત્ર મોક્ષ અર્થે જ કરવાની છે.

આવી મોક્ષલક્ષી તપ કે આરાધના માટે સાંજી આદિ કાર્યક્રમોનો આવશ્યકતા હોતી નથી. પરંતુ શાસ્ત્રકારોએ તપ કે આરાધનાનું ઉદ્યાપન (ઉજમણું) કરવાની વાત કહી છે. જેમાં પરમાત્મ ભક્તિના કાર્યક્રમનું આયોજન થઈ શકે. પૂજા – પૂજન ભણાવી શકાય. એમાં જિનાજ્ઞાના પાલનની આવશ્યકતા છે. ઘણીવાર નાના-નાના બાળકો તપ-નવ્વાણ આદિ કરે તો એમની અનુમોદના અને ઉત્સાહ વૃદ્ધિ માટે કાર્યક્રમ ગોઠવીએ એ જરૂરી છે. પરંતુ ખેંચાઈને અને આડંબરપૂર્વક ન કરતાં સાદગીથી ચોવિહાર – અભક્ષ ત્યાગાદિના લક્ષ્ય સાથે તપ-આરાધના ઉજવાય એ જરૂરી છે.

વિવિધ તપસ્યાઓના ઉદ્યાપન શું શું કરવું તેની સામાન્ય નોંધ બધાજ તપોની વિધિ સાથે લખેલી જ હોય છે તે 'નવપદાદિ તપોનિધિ' વિગેરે પુસ્તકોથી જાણી શકાય છે.

**પ્રશ્ન : શ્રી આદિનાથ ભગવાન પૂર્વ નવ્વાણુવાર સિધ્ધાચલે સમવસર્યા એટલે શું ?**

**ઉત્તર –** એક પૂર્વ એટલે ૮૪ લાખ ને ૮૪ લાખથી ગુણાકાર કરતાં જે સંખ્યા આવે તે. ૮૪ લાખ x ૮૪ લાખ = ૭૦ લાખ, કરોડ અને ૫૬ હજાર ક્રોડ વરસ. એવા ૯૯ પૂર્વ વાર શ્રી આદિનાથ પ્રભુ ગિરીરાજ ઉપર પધાર્યા તેથી પૂર્વને નવ્વાણુથી ગુણાકાર કરતાં ઓગણોત્તેર કોઠાકોડી, પંચ્યાશી લાખ ક્રોડ અને ચુમ્માલીસ હજાર ક્રોડ આદિનાથ શ્રી સિધ્ધાચલે પધાર્યા છે અને તે પણ ફાગણ વદિ આઠમના દિવસે જ પધાર્યા છે. જ્યારે જ્યારે પધાર્યા છે ત્યારે ત્યારે રાયણ વૃક્ષની નીચે પ્રભુએ ભવોદધિ તારક દેશના આપી છે. આપણી આવી શક્તિ ન હોવાથી એના પ્રતિક રૂપે આપણે '૯૯' યાત્રા કરીએ છીએ.


## શ્રી ડોંબીવલી વેલફેર ગ્રુપ મેડિકલ સેન્ટર

શિવગંગા વિહાર કો.ઓપ. હાઉસીંગ સોસાયટી, કોપર ક્રોસ રોડ, સરલા કોમ્પલેક્ષની સામે, ડોંબીવલી (ઈસ્ટ) -૪૨૧૨૦૨.
ફોન : 0251-695 6611

**અમારી પ્રવૃત્તિઓ**

| | |
|---|---|
| ૧) **દાંતની સારવાર** | સોમથી શનિ<br>સવારે ૯.૦૦ થી બપોરે ૧૨.૩૦ |
| **પેનલ પરના ડૉક્ટરો** | બપોરે ૩.૩૦ થી સાંજે ૭.૦૦ |
| ૧) ડૉ. સૌરભ દાનૈત | ૨) ડૉ. શ્વેતા નાઈક |
| ૩) ડૉ. સ્નેહા ભુસારી | ૪) ડૉ. ગજાનન કુલકર્ણી |
| ૫) ડૉ. દિપ્તી પાટીલ | ૬) ડૉ. શિલ્પા લોઢે |
| ૨) **જનરલ ફિજીશિયન** | સોમથી શનિ |
| ડૉ. શોભા હટ્ટીમાથુર | સાંજે ૫.૩૦ થી ૭.૦૦ |
| ૩) **હોમીયોપેથી** | સોમ / બુધ / શુક્ર |
| ડૉ. અમીતા ત્રિવેદી | સવારે ૧૧ થી ૧૨.૩૦ |
| ૪) **આયુર્વેદિક** | મંગળ / ગુરૂ / શનિ |
| ડૉ. સી. કે. દૌંડકર | સવારે ૧૧ થી ૧૨.૩૦ |
| ૫) **આંખની તપાસ** | બુધવાર |
| ડૉ. વિનય બ્યાદગી | સાંજે ૬ થી ૭.૦૦ |
| ૬) **ફીજીયોથેરાપી** | સોમ / શનિ |
| ડૉ. દુષ્યંત પદઘામકર | સાંજે ૫.૦૦ થી ૬.૩૦ |


## ગોએરસમા - બારોઈ ધ્વજા મહોત્સવ - જાહેર નિમંત્રણ

**બન્ને ગામવાસીઓ તેમજ નિયાણી બહેનો સપરિવાર તથા આમંત્રિત મહેમાનો જોગ**

પ.પૂ. અચલગચ્છાધિપતિ શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા. તેમજ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગર સૂરિશ્વરજી મ.સા.ના આર્શિવાદથી શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મ.સા.ના પ્રશિષ્યો પ.પૂ. મુક્તિરત્ન સાગરજી મ.સા. તેમજ પ.પૂ. કંચન સાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં તેમજ વિધિકાર શ્રી નરેન્દ્રભાઈ નંદુના માર્ગદર્શનમાં ગોએરસમા - બારોઈ મધે ફાગણ વદ ૧ તા. ૨૪-૩-૨૦૧૬ તથા ફાગણ વદ ૨ના ૨૫-૩-૨૦૧૬ના રોજ દ્વિદિવસીય મહોત્સવ યોજેલ છે. ફાગણ વદ ૧ તા. ૨૪-૩-૨૦૧૬ ગુરૂવારના રોજ બન્ને ગામના દેરાસરોમાં અઢાર અભિષેક તેમજ ફાગણ વદ ૨ના તા. ૨૫-૩-૨૦૧૬ શુક્રવારના રોજ બન્ને ગામના દેરાસરોની વર્ષગાંઠ નિમિતે ધ્વજા રોહણ યોજેલ છે.

તો જાહેરાતને નિમંત્રણ સમજીને પધારવા કૃપા કરશોજી. આવનાર ભાગ્યશાળીઓએ અગાઉની જાણ કરવી જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.

સંપર્ક :

અશોક પોલડીયા - 094222 12250 ઉપેન્દ્ર ગોસર - 093231 99335
ભુપેન્દ્ર ડાઘા - 098198 83522 પ્રવિણ મોમાયા - 094250 89966

પ્રમુખ શ્રી ધનપતિભાઈ મોમાયા તથા ટ્રસ્ટીગણ એવમ વ્યવસ્થાપક સમિતિના જય જિનેન્દ્ર

॥ શ્રી નેમીનાથાય નમઃ ॥

# શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન, ટ્રસ્ટ - મોટી સિંધોડી

## સ્નેહમિલન ૨૦૧૬ માટે દાતાશ્રીઓની યાદી

શેઠશ્રી ભરત ભવાનજી લોડાયા - ૨૫૦૦૦ • શેઠશ્રી લહેરચંદ નરશી મૈશેરી - ૨૫૦૦૦ • શેઠશ્રી નરપાર મેઘરાજ લોડાયા પરિવાર - ૨૫૦૦૦ • માતૃશ્રી કસ્તુરીબાઈ વેલજી શીવશી મૈશેરી - ૧૧૧૧૧ • માતૃશ્રી કુંવરબાઈ રતનશી મૈશેરી - ૧૧૧૧૧ • માતૃશ્રી રતનબાઈ ભવાનજી લોડાયા - ૧૧૧૧૧ • અ.સૌ.સ્વ. જયવંતીબેન ચિમનલાલ લોડાયા - ૧૧૧૧૧ • શ્રી સનત્‌ભાઈ નરપાર મેઘરાજ લોડાયા - ૧૧૧૧૧ • માતૃશ્રી રતનબાઈ દામજી મોમાયા - ૫૦૦૦ • શેઠશ્રી ધનજી વિશનજી લોડાયા - ૫૦૦૦ • માતુશ્રી ચંપાબેન લાલજી મૈશેરી - ૫૦૦૦ • તપસ્વી બહુમાન તથા સરસ્વતી સન્માનના લાભાર્થી પરિવાર : અ.સૌ. શિતલબેન કમલેશકુમાર મેઘજી ખોના (નલીયા-કોચીન)ની લગ્ન જીવનની રજત જયંતી પ્રસંગે... હસ્તે માતુશ્રી ધનબાઈ લખમશી વેલજી મૈશેરી પરિવાર (વાંકુ-કોચીન) - ૨૨૦૦૦ • રાપરગઢવારી જૈન સંઘ - ૧૧૧૧ • અ.સૌ. મધુરીબેન કાંતીલાલા મોતા - ૧૧૦૦ • અ.સૌ. વિજયાબેન મુલચંદ મોતા - ૧૦૦૧ • ઉત્તમચંદ કાનજી મૈશેરી - ૧૦૦૧ • માતુશ્રી હીરબાઈ નરશી મૈશેરી - ૧૦૦૧ • માતુશ્રી મંજુલાબેન ત્રિકમજી મૈશેરી - ૧૦૦૧ • માતુશ્રી કસ્તુરબાઈ માડણ મૈશેરી - ૧૦૦૧ • મુરજી અરજણ લોડાયા - ૧૦૦૧ • પદમશી માલશી મોમાયા - ૧૦૦૧ • પુરબાઈ ઉમરશી મૈશેરી - ૧૦૦૦ • મુરજી નરપાર મૈશેરી - ૫૦૧ • હેમેન્દ્ર પ્રવીણચન્દ્ર મૈશેરી (જીવદયા) - ૫૦૧ • પુનમચંદ વેલજી મૈશેરી - ૫૦૧ • માતુશ્રી કસ્તુરબેન પ્રવીણચંદ્ર મૈશેરી - ૫૦૧ • શ્રીમતી ભાવનાબેન પ્રેમચંદ લોડાયા (જીવદયા) - ૫૦૧ • ખુશાલચંદ કાનજી મૈશેરી - ૫૦૧ • પુષ્પાબેન રતીલાલ મોમાયા - ૫૦૧ • રાયચંદ રાઘવજી મૈશેરી - ૨૫૧ • ગોવિંદજી નરપાર મૈશેરી - ૨૫૧ • ઉર્મીલાબેન ઝવેરચંદ ધરમશી (જીવદયા) - ૨૦૦ • તરલાબેન જેઠાલાલ લોડાયા (જીવદયા) - ૧૦૧

## ધ્વજા મહોત્સવ - ૨૦૧૬ ના ચડાવા ના દાતાશ્રી પરિવારો

**મુખ્ય ધજા :** ૯૦૦૧ મણ - ૧) અ.સૌ. જીતલ યોગેશ નાગડા (લાલા - ખીડકીયા) ૨) અ.સૌ. વિરલ ભરત મૈશેરી (મોટી સિંધોડી - વિરાર) • **રંગ મંડપની ધજા :** ૫૦૦૪ મણ - ૧) માતુશ્રી રતનબાઈ ભવાનજી લોડાયા પરિવાર • **અંબીકા દેવીની ધજા :** ૩૩૩૩ મણ - ૧) માતુશ્રી ચંદનબેન રાઘવજી મૈશેરી હસ્તે જયેશ રાયચંદ મૈશેરી • **યક્ષ દેવની ધજા :** ૨૦૦૭ મણ - ૧) માતુશ્રી રતનબાઈ ભવાનજી લોડાયા પરિવાર • **મહાકાલી માતાજીની ધજા :** ૫૬૦૦ મણ - ૧) શેઠશ્રી માણેકજી કાનજી મૈશેરી (ભાંડુપ) • **પૂર્વ દિશાની ધજા :** ૨૫૨૫ મણ - ૧) અ.સૌ. દર્શના વિશાલ શાહ (માંગરોળ - થાણા) • **ઉત્તર દિશાની ધજા :** ૨૦૦૭ મણ - ૧) દેવ્યાનીબેન નરેન્દ્ર જૈન (દુબઈ - જખૌ) • **પશ્ચિમ દિશાની ધજા :** ૩૦૦૬ મણ - ૧) સ્વ. માતુશ્રી જયવંતીબેન ચીમનલાલ લોડાયા (મુલુંડ) • **હનુમાનજીની ધજા :** ૩૦૦૬ મણ ૧) અ.સૌ. કલ્પનાબેન વીરચંદ વેલજી મૈશેરી

## વર્ષ ૨૦૧૬ માટે શ્રી નેમીનાથ જિનાલયના વાર્ષિક નકરા ના દાતાશ્રી પરિવારો - રૂા. ૫૫૫૫/-

**જાન્યુઆરી :** ૧) માતુશ્રી રતનબાઈ ભવાનજી લોડાયા ૨) માતુશ્રી મણીબેન પ્રવીણચંદ્ર મોમાયા • **ફેબ્રુઆરી :** ૧) કુ. પલક હેમાંગ લોડાયા ૨) અ.સૌ. રેખાબેન ઉત્તમચંદ મૈશેરી - હ. ભાવેશ ઉત્તમચંદ મૈશેરી • **માર્ચ :** ૧) અ.સૌ. સ્વ. જયવંતીબેન ચિમનલાલ લોડાયા ૨) માતુશ્રી ખેતબાઈ લઘુભાઈ લોડાયા • **એપ્રિલ :** ૧) માતુશ્રી લક્ષ્મીબેન ખીમજી મૈશેરી ૨) શેઠશ્રી રાયશી નરપાર મૈશેરી • **મે :** ૧) માતુશ્રી જમકુબેન વેલજી મૈશેરી - હ. હીરાચંદભાઈ મૈશેરી ૨) માતુશ્રી દમયંતીબેન ધનપતી મૈશેરી ૩) માતુશ્રી લક્ષ્મીબેન વેલજી લોડાયા - આરીખાણા હ. સોમચંદભાઈ લોડાયા • **જુન :** ૧) માતુશ્રી લક્ષ્મીબેન દામજી મૈશેરી ૨) કુમારી ભાવના પ્રવિણચંદ્ર મોમાયા • **જુલાઈ :** ૧) પ્રભાવંતીબેન પ્રેમચંદ લોડાયા ૨) કુ. એકતા ઉદયન લોડાયા • **ઑગસ્ટ :** ૧) માતુશ્રી પુરબાઈ ઉમરશી મૈશેરી ૨) માતુશ્રી ધનબાઈ પ્રેમજી લોડાયા • **સપ્ટેંબર :** ૧) શ્રી નિલેશ ગોવિંદજી મોમાયા ૨) માતુશ્રી મુરબાઈ કેશવજી જેઠાભાઈ મોતા - હ. ધનલક્ષ્મીબેન કિશોર મોતા • **ઑક્ટોબર :** ૧) શ્રી ગોવિંદજી દામજી મોમાયા ૨) અ.સૌ. સ્વ. યશવંતીબેન મુલચંદ મૈશેરી ૩) અ.સૌ. સ્વ. જયશ્રીબેન દેવશી મૈશેરી • **નવેંબર :** ૧) માતુશ્રી લક્ષ્મીબેન ઉતમચંદ મોમાયા - હ. અ.સૌ. જશ્મીના હરીશ મોમાયા ૨) માતુશ્રી જયાબેન પદમશી વેલજી મૈશેરી • **ડિસેંબર :** ૧) માતુશ્રી પુષ્પાબેન રતિલાલ મોમાયા - હ. રાજેશ રતિલાલ મોમાયા ૨) માતુશ્રી કસ્તુરીબાઈ માડણ મૈશેરી - હ. દિનેશ માડણ મૈશેરી

## અઢાર અભિષેક - ૨૦૧૬ ના નકરા લેનાર ભાગ્યશાળી પરિવાર રૂા. ૧૧૧૧/-

અ.સૌ. પ્રેમિલાબેન જયંતીલાલ મૈશેરી, જખૌ - જય પ્રિત ટુર્સ • અ.સૌ. દર્શના વિશાલ શાહ - માંગરોળ - થાણા • અ.સૌ. મુંજાલ આણંદજી મૈશેરી • શ્રી ગોવિંદજી દામજી મોમાયા • માતુશ્રી લક્ષ્મીબેન ખીમજી મૈશેરી • માતુશ્રી મંજુલાબેન ત્રીકમજી મૈશેરી • અ.સૌ. સ્વ. જયવંતીબેન ચીમનલાલ લોડાયા • અ.સૌ. મધુબેન પુનમચંદ મૈશેરી • શ્રી પદમશી માલસી મોમાયા - હસ્તે પિયુષ પદમશી મોમાયા • ચિ. નેવિલ રાજેશ મોમાયા • અ.સૌ. મૃદુલા આણંદજી મૈશેરી - હસ્તે મુંજાલભાઈ • ચિ. નીશા મુંજાલ મૈશેરી • શ્રી આણંદજી રતનશી મૈશેરી • અમીતાબેન દંડ - લાખણીયા • માતુશ્રી કસ્તુરીબેન પ્રવિણચંદ મૈશેરી • માતુશ્રી ધનબાઈ પ્રેમજી લોડાયા • અ.સૌ. સ્વ. જયશ્રીબેન દેવશી મૈશેરી • માતુશ્રી રતનબાઈ દામજી મોમાયા

શરત ચુકથી કોઈ નામ રહી ગયું હોય કે નામમાં ભૂલ હોયે તો તરતજ ધ્યાન ખેચશો અને ભૂલ ચૂક બદલ ક્ષમા કરશો. ધ્વજા તથા પર્યુષણના કાર્યક્રમમાં જોડાવવા નમ્ર અપીલ. ધજાના કાર્યક્રમ માટે અત્યારસુધી ૩૦ નામ આવી ગયા છે. હજી પણ જેને ઈચ્છા હોય તો નામ લખાવશો.

# ભારતીય બેંકો અને આપણી જ્ઞાતિ – ભાગ ૪

**રમેશ મુલજી લોડાયા** – ભરૂડિયા, મુલુંડ - 098203 36767

૨૦મી સદીની શરૂઆતમાં ભારતીય અર્થતંત્ર સ્થિર થઈ ગયું. આ દરમ્યાન ભારતીઓએ નાની બેંકો સ્થાપી જે મુખ્યત્વે અમુક જ્ઞાતિઓની સેવા પુરી પાડતી હતી. પ્રેસીડંસી બેંકો (બેંક ઓફ બેંગાલ, બેંક ઓફ બોમ્બે અને બેંક ઓફ મદ્રાસ) ભારતીય બેંકોમાં પ્રમુખ પ્રભુત્વ ધરાવતી હતી. તે સિવાય થોડી એક્ષેંજ બેંકો અને ભારતીય જોઈન્ટ સ્ટોક બેંકો હતી પરંતુ તેઓ જુદા વિભાગમાં કાર્યરત હતી. મોટા ભાગની એક્ષેંજ બેંકો યુરોપીયન માલિકીની હતી અને જે વિદેશ વ્યાપારમાં કેંદ્રીત હતી જેનો લાભ ભારતીય વ્યાપારી અને ઉદ્યોગપતિઓને પુરતો મળતો ન હતો.

ભારતીય જોઈન્ટ સ્ટોક બેંકોમાં મૂડીની અછત, અનુભવનો અભાવ અને એક્ષેંજ બેંકો સાથે સ્પર્ધા કરી શકે તેવી પરિપકવતા અને કાબેલિયત ન હતી. પ્રેસીડન્સી બેંકો અર્ધ સરકારી બેંકો તરીકે વહીવટ કરતી હતી. સ્થાનિક વેપારીઓને સમયસર, ખપ પુરતું ધિરાણ મળતું નહિં. અંગ્રેજી સરકારે વ્યાપાર અને ઉદ્યોગને લગતા ઘણા કાયદાઓ ઘડ્યા પરંતુ બેંકીંગ ઈન્ડસ્ટ્રીઝને કાયદા મુજબ ચલાવવાના ખૂબ ઓછા પ્રયાસો કર્યા.

૧૯મી સદીમાં સ્થપાયેલી મોટા ભાગની બેંકો નિષ્ફળ ગઈ એ બેંકામાંથી હાલ માત્ર ત્રણ બેંકો કાર્યરત છે. (૧) સ્ટેટ બેંક ઓફ ઈંડિયા – જેની સ્થાપના ૨-૬-૧૮૦૬ બેંક ઓફ કલકત્તા તરીકે કલકત્તામાં થઈ, બે વરસ બાદ ૨-૧-૧૮૦૯ના બેંક ઓફ બંગાલ બની જે અન્ય બે બેંકો બેંક ઓફ બોમ્બે અને બેંક ઓફ મદ્રાસ સાથે મર્જ થઈ તેણે નવું ઈમ્પારીયલ બેંક ઓફ ઈંડીયા નામ ધારણ કર્યુ અને ૧-૭-૧૯૫૫ થી સ્ટેટ બેંક ઓફ ઈંડીયા બની (૨) અલાહાબાદ બેંક જેની સ્થાપના ૨૪-૪-૧૮૬૫ના અને (૩) પંજાબ નેશનલ બેંક જેની સ્થાપના ૧૨-૪-૧૮૯૫ના થઈ.

સને ૧૯૫૦ થી ૧૯૦૪ દરમ્યાન દાદાભાઈ નવરોજી, ગોપાલકૃષ્ણ ગોખલે, ગોવિંદ રાનડે અને લોકમાન્ય તીલકે ભારતમાં સ્વદેશી ચળવળને વિકસાવવાનો પ્રયાસ કર્યો. ૧૯મી સદીના અંતમાં બંગાળ રાષ્ટ્રવાદનું પ્રમુખ સ્થાન બની ગયું. રાષ્ટ્રીય કોંગ્રેસ ધીમે ધીમે બ્રિટીશ સલ્તનત માટે પડકાર રૂપ બનવા મંડી. સ્વદેશી ચળવળનું જોર ઓછું કરવા ત્યારના બ્રિટીશ વાઈસરોય લોર્ડ કર્ઝને બંગાળના ભાગલા કરવાની યોજના બનાવી અને તેનું સત્તાવાર કારણ વહીવટીય સરળતાનું બતાવ્યું પરંતુ વાસ્તવમાં ભાગલા કરવાનું કારણ ધાર્મિક અને રાજનિતિક હતું. એક ભાગમાં પૂર્વ બંગાળ અને આસામ જેમાં મુખ્ય વસતિ મુસ્લિમ હતી અને બીજો ભાગ બાકીનું બંગાળ જેમાં બિહારી, ઉડ્યા મુખ્ય વસતિ હિંદુઓની હતી. તા. ૧૬-૧૦-૧૯૦૫ના બંગાળના ભાગલાની જાહેરાત થઈ.

ભારતીય આગેવાનોને ભાગલા પાછળના બદ ઈરાદાની રમતની ખબર પડતા પ્રચંડ વિરોધ જાગ્યો. ધીમે ધીમે બંગાળથી શરૂ થયેલું આંદોલન સમગ્ર ભારતમાં ફેલાયું. વિદેશી વસ્તુનો બહિષ્કાર અને સ્વદેશી વસ્તુના વપરાશને ખૂબ જ વેગ મળ્યો.

**જ્યોતિ**

**સિલ્ક સાડી એમ્પોરીયમ**

*Sachi Jari maate real nam*

**જરી ભરતકામવાળી સાડી, ચણીયા ચોળી, હેંડ તથા મશીનવર્ક સાડીઓ, બાંધણી - ઘરચોળા કસબ, કટવર્ક, જરદોશી વર્કની બોર્ડરો તથા બ્લાઉઝ.**

**જ્યોતિ હવે માટુંગામાં જ !**

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.),કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
**Tel.: 2404 3995 / 93222 58574**
રવિવારે બંદ

**કચ્છ વારાપધર મુકામે બિરાજમાન**
**કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજીના લોડાયા ગોત્રના ભાવિકો જોગ,**

સહર્ષ જણાવવાનું જે શ્રી વારાપધર સ્થાનકે બિરાજમાન લોડાયા ગોત્રના કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજીના ભૂઈજીની ગંધી બદલવાની ઉજવણીનો મંગલમય કાર્યક્રમ નીચે પ્રમાણે નિર્ધારીત થયેલ છે.

૧.પૂ. સચ્ચાઈ મા ના ભજન /કિર્તન /આરતી ચૈત્ર સુદ ચૌદસ ગુરૂવાર તા. ૨૧/૦૪/૨૦૧૬ રાત્રે ૮ કલાકે.

૨.પૂ. સચ્ચાઈ મા ની પહેડી ચૈત્ર સુદ પૂનમ શુક્રવાર તા. ૨૨/૦૪/૨૦૧૬ સવારે ૯.૧૫ કલાકે.

૩.પૂ. ભૂઈજીની ગંધી બદલવાનું ચૈત્ર સુદ પૂનમ શુક્રવાર તા.૨૨/૦૪/૨૦૧૬ સવારના ૯.૪૫ કલાકે. ત્યારબાદ પહેડી પ્રસાદ રહેશે. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં હાજરી આપવા સર્વે ભાવિકોને પોતાની રીતે ટિકીટની વ્યવસ્થા કરી વારાપધર પધારવા ભાવભર્યું આમંત્રણ છે. લી. :કુળદેવી શ્રી સચ્ચાઈ મા ભાવિક મંડળ/ભૂઈમા સૌ. કુસુમ ચાંપશી લોડાયા (મો. :૦૯૯૭૯૦૨૬૫૧૧) ના જય માતાજી.

શ્રી ક્ષેત્રપાળદાદા શ્રી અંબેમા શ્રી રામદેવ પીરજી

## પ્રથમ સમુહ પહેડી-પ્રસાદ

**કચ્છ-લાલા ગામમાં નવનિર્માણ મંદિરમાં નાગડા પરિવારના કુળદેવી શ્રી અંબેમાની સ્થાપના થયા બાદ પ્રથમ સમુહ પહેડી-પ્રસાદ અષાઢી બીજ બુધવાર, તા. ૬-૭-૨૦૧૬ના સવારના ૯ વાગે તેમજ તા. ૫-૭-૨૦૧૬ના સાંજના ૬ વાગે મંદિરમા શ્રીઘણીબાવાનો પાઠના લાભાર્થી માતુશ્રી રતનબાઈ મુરજી નાગડા-રાપરગઢવારી હસ્તે અ.સૌ. શિતલ ભરત નાગડા ચિ. રોનક નાગડા તરફથી છે. લાભાર્થી પરિવાર તરફથી નાગડા પરિવાર તેમજ નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા આમંત્રણ છે.**

**આપના આગમનની જાણ કરશોજી.**

**સંપર્ક :**

**પ્રમોદભાઈ - 090390 17250**
**વિભયભા - 090044 18009**
**સોમચંદ - 098338 16131**
**પ્રફુલ - 093222 20204**

# શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ, દલતુંગી

**Mumbai Off.:** C/o. 208, Bhaveshwar Complex, Near Railway Station, Vidhyavihar (W), Mumbai-400 086.

**પ્રિય ગામવાસી ભાઈઓ તથા બહેનો, જય જિનેન્દ્ર**

આપણા ગામનું સ્નેહમિલન રવિવાર તાં. ૨૪-૧-૨૦૧૬ના ભાંડુપ મુકામે ''શ્રી દલતુંગી મીત્ર મંડળ''ના નેજા હેઠળ આયોજન કરવામાં આવેલ. સર્વે ગામવાસીઓએ બહોળી સંખ્યામાં હાજરી આપી ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. આવું સુંદર આયોજન કરવા બદલ શ્રી દલતુંગી સંઘ ''**શ્રી દલતુંગી મીત્ર મંડળ**''નો આભારી છે.

સ્નેહમિલનમાં વિવિધ ચડાવા લેવામાં આવેલ. જેમાં સૌ ગામવાસીઓએ ઉત્સાહથી લાભ લીધેલ. વિવિધ ચડાવાની વિગત નીચે મુજબઃ

**દેરાસરજીના મુખે બન્ને ગજરાજના લાભાર્થી : રૂા. ૧,૫૧,૦૦૦/-**
માતુશ્રી સોનબાઈ શામજી પેથરાજ શિયાળ પરિવાર, ડોંબીવલી

**દેરાસરજીમાં ચાંદીનું પરીકરના લાભાર્થી : રૂા. ૧,૫૧,૦૦૦/-**
માતુશ્રી નિર્મળાબેન ડુંગરશી શામજી માલદે પરિવાર, ડોંબીવલી

**દેરાસરજીની ધજાનો ચડાવાના લાભાર્થી** (વૈશાખ સુદ ૫ને બુધવાર, તા. ૧૧-૫-૨૦૧૬) : રૂા. ૨૧,૦૦૦/-
માતુશ્રી સોનબાઈ શામજી પેથરાજ શિયાળ પરિવાર, ડોંબીવલી -

**દેરાસરજીમાં ૭ પટના લાભાર્થી** (દરેકના રૂા. ૫૧,૦૦૦/-) : ૧) માતુશ્રી સોનબાઈ જેઠાલાલ રાયશી લાપસીયા (મુલુંડ), ૨) માતુશ્રી વિજયાબેન ડુંગરશી શામજી લાપસીયા (મુલુંડ), ૩) માતુશ્રી સોનબાઈ દામજી લખમશી માલદે, ઘાટકોપર અને માતુશ્રી લક્ષ્મીબેન હીરજી લખમશી માલદે (મુલુંડ), ૪) માતુશ્રી રાજબાઈ ડુંગરશી ધારશી શિયાળ (સાંતાક્રુજ) હસ્તે ભરતભાઈ ડુંગરશી, ૫) માતુશ્રી રતનબાઈ ત્રિકમજી ડાઘા પરિવાર ગોરેગાવ, ૬) માતુશ્રી રતનબેન લખમશી ગાંગજી લાપસીયા (ડોંબીવલી), ૭) માતુશ્રી રતનબાઈ શામજી નાંયાભાઈ માલદે (ડોંબીવલી)

આ સિવાય સર્વ સાધારણ ખાતે (દરેકના રૂા. ૩,૦૦૦/- લેખે) ૩૮ નામ નોંધાયેલ છે. હજુપણ નામ નોંધવાનું ચાલુ હોય દરેક પરિવારે લાભ લેવા નમ્ર વિનંતી. નામો **શ્રી વનરાજભાઈ દામજી માલદે** (09819461510) અથવા **શ્રી દિલીપભાઈ ડુંગરશી લાપસીયા** (09214426142) ને લખાવવા વિનંતી. સંઘ ઉપરોક્ત સર્વે લાભાર્થી પરિવારનો આભાર માને છે તથા ભૂરી ભૂરી અનુમોદના કરે છે. લાભ લેનાર સર્વે ભાગ્યશાળી પરિવારને નમ્ર વિનંતી વહેલાસર રકમની ભરપાઈ (રોકડ અથવા ચેકદ્વારા) કરી રસીદ મેળવી લેવી.

**ખાસ :** દેરાસરજીમાં ''**અખંડ દિપક**'' ચાલુ છે. જેનો એક વર્ષનો નકરો **રૂા. ૨૫,૦૦૦/-** રાખેલ છે. (વર્ષ એપ્રીલ ૨૦૧૬ થી માર્ચ ૨૦૧૭) જે કોઈ પણ પરિવારને લાભ લેવાની ઈચ્છા હોય વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધાવી લાભ લઈ શકે છે. લાભાર્થી પરિવારનું નામ યોગ્ય જગ્યાએ બોર્ડ ઉપર લખી મુકવામાં આવશે.

**મે. તન-મન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ** દ્વારા એક સદગ્રહસ્થને સમ્મેત શિખરજીની યાત્રા માટે લકી ડ્રો દ્વારા ઇનામ જાહેર કરતા **શ્રી જયંત પુનશી ધુલ્લા** નું નામ જાહેર થયેલ. સંઘ શ્રી ચિમનભાઈ મોતાનો આભારી છે. **શૈક્ષણિક ઈનામ માતુશ્રી રતનબેન ત્રિકમજી ડાઘા પરિવાર** તરફથી આપવામાં આવેલ. એક સદ્ગ્રહસ્થ તરફથી રોકડ રૂા. ૫,૫૫૫/-ના બે ઈનામ લકી ડ્રો દ્વારા કાઢવામાં આવેલ. સંઘ આ સર્વે પરિવારનો હૃદયપૂર્વક આભારી છે. દલતુંગી ગામના ૩૦ વયોવૃધ્ધ ૭૫ વર્ષથી ઉપરના મહાનભાવોનું સાલ તથા ટ્રોફીથી સન્માન કરવામાં આવેલ. આ એક અનોખી પહેલને સૌ ગામવાસીઓએ તાળીઓના ગળગળાટથી વધાવી હતી.

**સર્વે સાધારણ (રૂા. ૩૦૦૦/-)ના લાભાર્થી દાતા :** ● માતુશ્રી સોનબાઈ જેઠાલાલ લાપસીયા ● શ્રી જેઠાલાલ રાયશી લાપસીયા ● શ્રી ડુંગરશી શામજી લાપસીયા ● માતુશ્રી વિજયાબેન ડુંગરશી લાપસીયા ● માતુશ્રી સોનબાઈ દામજી માલદે ● શ્રી દામજી લખમશી માલદે ● માતુશ્રી મણીબેન હીરજી માલદે ● માતુશ્રી પુષ્પાબેન રજનીકાન્ત માલદે ● માતુશ્રી પ્રેમાબેન ભવાનજી લોડાયા ● માતુશ્રી પુરબાઈ લખમશી લોડાયા ● માતુશ્રી સોનબાઈ રાયચંદ લોડાયા ● માતુશ્રી જયાબેન વિશનજી લોડાયા હસ્તે નિર્મળા મહેશ લોડાયા ● માતુશ્રી સોનબાઈ શામજી શિયાળ ● શ્રી શામજી પેથરાજ શિયાળ ● માતુશ્રી લક્ષ્મીબેન લખમશી લોડાયા ● માતુશ્રી વિજયાબેન મણીલાલ ડાઘા ● માતુશ્રી જયવંતીબેન માણેકજી લધાબાઈ શિયાળ ● માતુશ્રી લક્ષ્મીબેન હીરજી માલદે ● માતુશ્રી ભાનુમતી વિશનજી લાપસીયા ● માતુશ્રી નવલબેન જેતશી શિયાળ ● બેબી રેવા જતીન નરેન્દ્ર શિયાળ ● માતુશ્રી રતનબેન શામજી માલદે ● માતુશ્રી પ્રેમીલાબેન ભાણજી લોડાયા હસ્તે ઉર્મીલા નિરંજન ● માતુશ્રી મણીબાઈ ગોવિંદજી લાપસીયા ● માતુશ્રી તારાબેન વિરજી ડાઘા ● માતુશ્રી ગુણવંતીબેન ધનજી લાપસીયા ● શ્રી પુનશી તથા કાનજી ગોવિંદજી ધુલ્લા ● માતુશ્રી ધનલક્ષ્મીબેન પાસુભાઈ લાપસીયા ● માતુશ્રી જયાબેન નરશી લાપસીયા ● માતુશ્રી નેણબાઈ દામજી શિયાળ ● માતુશ્રી જયાબેન પુનશી માલદે ● માતુશ્રી સુશીલાબેન બાબુલાલ લાપસીયા ● માતુશ્રી રાજબાઈ ભાણજી ત્રિકમજી ડાઘા ● માતુશ્રી પ્રેમીલાબેન જયંતીલાલ શિયાળ ● માતુશ્રી ઈન્દુબેન પાશ્વીર ત્રિકમજી ડાઘા ● માતુશ્રી સરલાબેન પ્રવીણચંદ્ર લોડાયા ● શ્રીમતી લતાબેન મણીલાલ ધનજી શિયાળ ● માતુશ્રી નવલબાઈ વિશનજી દંડ, વડાલા

સ્નેહ મિલન દરમ્યાન સંગિતની રમઝટ ચેતનોબન હરીયા એન્ડ પાર્ટીએ બોલાવેલ. રાસની રમઝટ માણતા સૌ ગામવાસીઓ તરબોડ થયેલ. અંતમાં સૌ ગામવાસીઓએ સ્વાદિષ્ટ ભોજનની મજા માણી છુટા થયા.

**શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ વતી સર્વે ટ્રસ્ટીગણના જય જિનેન્દ્ર**


**શ્રી પ્રવિણ જેઠાલાલ લાપસીયા** — પ્રમુખ - 09821092767
**શ્રી વનરાજ દામજી માલદે** — ઉપપ્રમુખ - 09819461510
**શ્રી શામજીભાઈ પેથરાજ શિયાળ** — સ્થાનીક ટ્રસ્ટી - 07567140940
**શ્રી ઉત્તમભાઈ શામજી માલદે** — સ્થાનીક ટ્રસ્ટી - 07874051416
**શ્રી દિલિપ ડુંગરશી લાપસીયા** — ટ્રસ્ટી - 09214426142
**શ્રી પંકજ હિરજી માલદે** — ટ્રસ્ટી - 07208156691
**શ્રી કમલેશ વિશનજી લાપસીયા** — ટ્રસ્ટી - 09820668469

સ્વદેશી વસ્તુ કાયડ, માચીસ, સાબુના વપરાશનો પ્રારંભ થયો. વિદેશી માલની હોળીઓ થઈ. વિદેશી માલ વેંચતી દુકાનો પર પીકેટીંગ શરૂ થયું. મહાત્મા ગાંધીએ સ્વદેશી ચળવળને સ્વરાજના પ્રાણ તરીકે ઓળખાવી લોકોમાં રાષ્ટ્રવાદ જગાડવાનો પ્રયાસ કર્યો.

સ્વદેશી ચળવળે સ્થાનિક વ્યાપારીઓ, રાજનિતિજ્ઞોને ભારતીય માલિકીની ભારતીયો દ્વારા સંચાલિત સ્વદેશી બેંકોની સ્થાપના કરવાની પ્રેરણા આપી. નાના પાયે ભારતીઓએ શરૂ કરેલી થોડી બેંકોથી ભારતીય વ્યાપારીઓ ઉદ્યોગપતિઓની જરૂરિયાત સંતોષાતી ન હતી અને યુરોપીયન વગવાળી બેંકો ભારતીયો આગળ આવે તેવું ઇચ્છતી ન હતી. ૧૯૦૬થી ૧૯૧૩માં ૫ લાખથી વધુ મૂડી અને રિઝર્વ ધરાવતી ૯ બેંકોની સ્થાપના થઈ જે પૈકીની બે બેંકોની સ્થાપનામાં અગ્ર ભાગ આપણી જ્ઞાતિના વિરલાઓએ ભજવ્યો. ૧૯૦૬માં સ્થપાયેલ બેંક ઓફ ઈંડિયા અને ૧૯૧૧માં સ્થપાયેલા સેંટ્રલ બેંક ઓફ ઈંડિયા.






એ વખતનાં મુંબઈના અગ્ર વ્યાપારીઓ ઉદ્યોગપતિઓ જેમાં પારસી, ભાટીયા, વ્હોરા, ગુજરાતી વાણિયાઓ, યહુદીઓ હતા, તેઓ ભારતીય બેંકના ઈતિહાસમાં પ્રથમ વખત કોઈપણ યુરોપીયનના સાથ વગર ભારતીય માલિકીની બેંક સ્થાપવા મળ્યા. જેમાં હતા સર સાસુન ડેવિડ (પ્રખ્યાત વાપારી), રતનજી દાદાભાઈ ટાટા (JRD ટાટાના પિતા અને ટાટા સન્સ એન્ડ કું. ના ભાગીદાર), ગોવધનદાસ ખટાઉ (મિલ માલિક), સર કાવસજી જહાંગીર (પ્રથમ બેરોનેટ વ્યાપારી), સર લલ્લુભાઈ શામળદાસ (વ્યાપારી), શ્રી રામનારાયણ હરનંદરાય (દલાલ), જેનારાયણ હીંદુમુલદાણી (દલાલ), નુરૂદીન ઈબ્રાહીમ નુરૂદીન (વ્યાપારી), શાપુરજી ભરૂચા (અગ્રણી શેર દલાલ) આ વ્યક્તિઓ મુંબઈના નામાંકિત, પ્રતિષ્ઠ, શ્રીમંતો હતા. આવા અગ્રણીઓ સાથે હતા આપણી જ્ઞાતિના હીરલા શેઠ શ્રી ખેતસી ખીંયસી ધુલ્લા !! જેઓ એ જમાનાની રૂની પ્રખ્યાત પેઢી મે. હીરજી ખેતસીની કું. ના માલિક હતા, જેની એચ.કે. માર્કાની રૂની ગાંસડી રૂ બજારમાં ૧૦% પ્રિમીયમ ધરાવતી હતી.

ઉપરોક્ત મુંબઈના અગ્રણી ૩૧-૭-૧૯૦૬ના ફોર્ટ ખાતેની નવસારી બિલ્ડીંગ જેમાં ટાટા સન્સની ઓફિસ હતી તેમાં સર ડેવિડ સાસુનના પ્રમુખપણા હેઠળ ભારતીય માલિકીની બેંક સ્થાપવાની ચર્ચા વિચારણા કરી. એક કરોડની ઓથોરાઈઝડ કેપીટલ અને શરૂઆતમાં ૫૦ લાખની પેઈડઅપ કેપીટલથી બેંક ઓફ ઈંડિયાની નામે બેંક સ્થાપવાનું નક્કી કર્યું.

રૂ અને શેરના સટ્ટાને કારણે અગાઉ બેંકોની સ્થિતિ કેવી થયેલી તેની તકેદારી રાખી આ બેંકો જમીન અને શેરો સામે ધિરાણ નહી કરે તેમજ વિદેશી બીનીમયનું કામ શરૂઆતમાં નહીં કરે તેવું નક્કી કર્યું. જેથી ધિરાણ યોગ્યતાવાળા ભારતીય વેપારી અને ઉદ્યોગપતિઓને મળી રહે.

તા. ૭-૯-૧૯૦૬ના ફાઉન્ટન પર આવેલા ઓરીએન્ટલ બીલ્ડીંગના ગ્રાઉન્ડ ફ્લોર પર ભાડાની જગ્યામાં બેંક ઓફ ઈંડિયાની શરૂઆત થઈ. ભલે સંપૂર્ણ ભારતીયો દ્વારા સ્થાપના થઈ પરંતુ મેનેજમેન્ટ માટે યુરોપીયન મેનેજર એચ.પી. સ્ટીંગફેલોને લેવા પડ્યા. કદાચ એ વખતે અનુભવી ભારતીયો નહીં હોય. સર ડેવિડ સાસુન પ્રથમ ચેરમેન અને ઉપરોક્ત આગેવાનો પ્રમોટર ડાયરેક્ટર બન્યા. શ્રી સોરાબજી પોચખાનવાલા પ્રથમ ભારતીય આસીસ્ટન્ટ એકાઉન્ટન્ટ બન્યા (જેઓ પાછળથી સેંટ્રલ બેંક ઓફ ઈંડિયાના સ્થાપક અને ચેરમેન બન્યા).

એ વખતનાં ઉદ્યોગ અને વેપાર જગતનાં અગ્રણીઓ જેમાં સર ડેવિડ સાસુન અને જેઆરડી ટાટાના પિતા, મિલ માલિક, વ્યાપારીઓ હતા એમની હરોળમાં શેઠશ્રી ખેતશીશેઠ હતા એમના પરથી વ્યાપાર જગતમાં મુંબઈમાં એમનું કેટલું ઉચ્ચ સ્થાન હશે તે સમજી શકાય છે. આપણાં આ વિરલાએ સને ૧૯૦૬થી ૧૯૨૧ સુધી ડાયરેક્ટર તરીકેની સેવા આપેલ. એમનાં વિષે થોડું વધારે જાણકારી આપવી અસ્થાને નહીં ગણાય.

જન્મ વિ.સં. ૧૯૧૧, (ઈ.સ. ૧૮૫૫) કચ્છ સુથરી, પિતા ખીંયસી કરમણ, માતા ગંગાબાઈ. ખીંયસીશાહના નવ પુત્ર અને એક પુત્રી પૈકી ૭મા સંતાન ૧૩ વરસે મુંબઈ આવ્યા લખી વાંચી શકાય તેટલું શિક્ષણ મેળવ્યા બાદ રૂના ધંધામાં નોકરી. પાછળથી પોતાની પેઢી સ્થાપી. રૂની પરખમાં પાવરધા. મુંબઈ ઉપરાંત ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, ખાનદેશ, મહારાષ્ટ્ર, વરાડ, કર્ણાટક, મોગલાઈ, બંગાલમાં શાખાઓ સ્થાપી.

બેંક ઓફ ઈંડિયા ઉપરાંત બોમ્બે સેફ ડીપોઝીટ લી, જ્યુપીટર જનરલ ઈન્સ્યુરન્સ કું. લી., રજપૂતાના મિનરલ કું., અશોક સ્વદેશી સ્ટોર્સ લી., ન્યુ સ્ટોક એકસચેન્જ અને બોમ્બે કોટન એકસચેન્જના ડાયરેક્ટર હતા લાખો કમાયા અને લાખો સત્કાર્યમાં વાપર્યા. એમની સખાવતોનો આંકડો એ જમાનાના રૂા. પચાસ લાખથી ઉપર જે વર્તમાન મુલ્યે કરોડોની ગણાય !!

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રીય સ્તરે સ્ટાર્ટઅપ કલચર વિકસાવવાની હાકલ કરી તે પહેલાં આપણે તેમ કર્યું, એ ખુશીની વાત છે. તે સાથે સરસાઈ જાળવવાનો પડકાર પણ છે. આશા રાખીએ કે આપણે આ પડકાર ઝીલી શકશું.

*તન-મન પરિવાર*

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

સવંત ૧૯૫૬ (ઈ.સ. ૧૯૦૦)માં કચ્છ-હાલારમાં ભયંકર દુષ્કાળ પડ્યો જે 'છપ્પનીયા' તરીકે ઓળખાયો. પંદર જેટલી પાંજરાપોળોને છુટે હાથે સહાય, દુષ્કાળ પિડિતોને કચ્છમાં અનાજ, કપડા આપ્યા, સુથરીમાં અન્નક્ષેત્ર ખોલ્યું. હાલારમાં છ મહિના ચાલે એટલું અનાજ, જરૂરી કપડા આપ્યા. દલતુંગી જિનાલય પ્રતિષ્ઠા પ્રસંગે હાલાર મહાજને 'અર્વાચીન જગડુશાહ'નું બિરુદ આપ્યું. દુષ્કાળમાં રૂા. ૧૨ લાખ વાપર્યા. કોઈએ કહ્યું ''શેઠ, બેએક લાખ અંગ્રેજી સરકાર સુચવે ત્યાં વાપરો તો સરકાર તરફથી 'સર'નો ઈલ્કાજ મળી જાય'' એ વખતે સરકાર સુચવે ત્યાં દાન આપી લોકો 'ઈલ્કાબો' મેળવવાની પડાપડી કરતા હતા.. શેઠે જવાબ આપ્યો સરકાર મારી કદર કરે તે કરતા મારો પ્રભુ મારી કદર કરે, એ હું વધુ પસંદ કરું છું !! અને તેથી જ 'સર'ને બદલે જનલોકના 'શરતાજ' બની ગયા અને જ્ઞાતિએ એમને 'જ્ઞાતિભૂષણ'ના બિરુદથી નવાજ્યા.

શેઠશ્રી નરશી નાથાના સાળા શેઠ ભારમલ તેજસીની હયાતીમાં જ્ઞાતિજનને જ્ઞાતિજન પર કોર્ટમાં કેસ કરવાની મનાઈ હતી. ભારમલ શેઠના અવસાન બાદ જ્ઞાતિને એક સુત્રે બાંધી રાખનાર કોઈ ન રહ્યું અને એમના અવસાન બાદ ઘણા કેસો જ્ઞાતિજનોએ એક બીજા ઉપર કર્યા. જ્ઞાતિ કોર્ટ કચેરીમાં બરબાદ થઈ ગઈ.

અદાલતમાં મુંબઈ મહાજન દ્વારાકે તેની સામે થયેલ અનેક દાવાઓમાં મુંબઈ મહાજન ઉપર અનંતનાથ ટ્રસ્ટનું રૂા. ૭૫૭૬૯-૧૪ આના - ૩ પાઈનું કરજ થઈ ગયું. જ્ઞાતિજનોમાં એક માન્યતા કે દેવદ્રવ્યના કરજને કારણે જ્ઞાતિનો નબળો સમય આવ્યો છે. પોતાની જ્ઞાતિને કરજ મુક્ત કરવા ખેતશી શેઠે તમામ રકમ ભરપાઈ કરી આપી.

સર પરસોત્તમદાસ ઠાકોરદાસની અધ્યક્ષતામાં મહાજનવાડીની નવી ચાલના ભાયંતિળિયે મુંબઈ મહાજન તરફથી ભવ્ય મેળાવડામાં શેઠશ્રીનું સન્માન કરી પ્રમુખ જેઠાભાઈ નરશી કેશવજી નાયકે પાઘ બાંધી પોતાના અનુગામી તરીકે મુંબઈ મહાજનના પ્રમુખ જાહેર કર્યા. આ પ્રસંગની યાદમા રાજા રવિવર્મા જેવા વિખ્યાત ચિત્રકાર દ્વારા ઓઈલ પેઈન્ટમાં બનાવેલ શેઠશ્રીનો ફોટો લગાડ્યો. કચ્છી પાઘડી પહરેલ ખેતશી શેઠનો ફોટો ૧૯૪૬ના મહાજનવાડી હુલ્લડ બખતની આગ વખતે ફોટો ગુમ થઈ ગયો. શેઠે આ પ્રસંગે રૂા. ૧૦૧૦૦૧ નિરાશ્રિત ફંડમાં અને રૂા. ૨૫૦૦૦ અન્ય સંસ્થાઓને આપ્યા.

એમના સત્કાર્યોની યાદી ઘણી લાંબી છે. કચ્છમાં ૫૨ ગામનો મેળો, હાલારમાં મેળો, સં. ૧૯૬૯ (ઈ.સ. ૧૯૧૩)માં શત્રુંજયનો વિશાળ સંઘ, જ્ઞાતિમાં ૭ વાસણની લાણી, પાલીતાણામાં હોસ્પિટલનું મકાન, ઉપાશ્રય, ધર્મશાળા, પાઠશાળાઓમાં દાન, હિંદુ વિશ્વ વિદ્યાલયને રૂા. ૧ લાખનું દાન. જામનગર આણંદબાવા આશ્રમને સહાય તથા આ ટ્રસ્ટના ટ્રસ્ટી, મુંબઈમાં નવપદ ઉજમણા પ્રસંગે નવ દિવસ મહોત્સવ અને ૧૮ ટંક જ્ઞાતિને જમણ, પાલીતાણા બોર્ડીંગમાં ૫૦૦૦૦નું દાન, હાલારના ઘણા દશા-વીસાના ગામોમાં પાઠશાળાઓ શરૂ કરાવી. લીંબડી વિદ્યાર્થી ભવનનું બાકી મકાન પૂર્ણ કરાવી આપું. અનેક ગુમ દાનો આપ્યા. ઉદાર સખાવતોને કારણે સરકારે જે.પી.નો ઈલ્કાબ આપ્યો.

ઈ.સ. ૧૯૧૧માં કલકતામાં જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું અગીયારમું અધિવેશન ભરાયું તેમાં પ્રમુખ થવાનું માન ખેતશી શેઠને મળેલ. તેઓ આ સંસ્થાના પહેલા કચ્છી પ્રમુખ હતા. શેઠશ્રીના પુત્ર હીરજી શેઠ પ્રતાપી પુરુષ થયા. ગોરેગામ વિભાગના આરેગાંવ (આરે કોલોની)માં શેઠની ઘણી જમીન હતી. અને તેમની મહત્વકાંક્ષા જ્ઞાતિબંધુઓને ત્યાં વસાવવાની હતી. પરંતુ હીરજી શેઠ યુરોપની સફરમાં પેરીસમાં અચાનક બિમાર પડતા ૩૨ વરસની ઉંમરે અવસાન પામ્યા. ખેતશી શેઠને ખૂબ જ આઘાત લાગ્યો. તેમના લીંબડીના રાજવી સાથે ઘનિષ્ઠ સંબંધ હતા. ઠાકોર સાહેબે આરામ માટે શેઠશ્રીને લીંબડી બોલાવ્યા અને ત્યાં જ એમનું ૨૨-૩-૧૯૨૨ના અવસાન થયું.

બેંક ઑફ ઈંડિયાએ બેંકનો ઈતિહાસ દર્શાવતું સુંદર મ્યુઝીયમ બનાવ્યું છે. બેંકની એમ.જી.રોડ, ફોર્ટ બીલ્ડીંગમાં આવેલ આ મ્યુઝીયમનું રિઝર્વ બેંકના ડેપ્યુટી ગવર્નર મુંદરા સાહેબે મે ૧૯૧૫ના રોજ ઉદઘાટન કરેલ છે. આ મ્યુઝીયમમાં બેંકના સ્થાપકોના ફોટાઓમાં ખેતશી શેઠનો વિશાળ ફોટો મુકેલ છે. આપણે ખેતશી શેઠનો ગુમ થયેલ ફોટાની જગ્યાએ ફરી ફોટો નથી મુકાવી શક્યા પરંતુ બેંક એમના સ્થાપક ડાયરેક્ટરને ભુલી નથી. શેઠશ્રીએ સ્થાપનામાં અગ્ર ભજવેલ ભાગથી નિર્માણ થયેલી બેંક આજે ૧૧૦ વરસે વિશાળ વટવૃક્ષ સમાન ઊભી છે જેની ૪૯૬૩ શાખા ભારતમાં અને ૬૦ જેટલી શાખાઓ વિદેશમાં છે.

સેંટ્રલ બેંકની સ્થાપનાની તથા તેમાં જ્ઞાતિના સહભાગની વાત આવતા અંકે...

-ક્રમશઃ


શુભેચ્છાઓ સહ...

**સાંધવ રત્ન**

**શ્રી મુળજી રાઘવજી લોડાયા**

**MRL Group of Companies**

**જરી કસબનો નવો સ્ટોક શ્રી મહાવીરમાં - માટુંગા**

- ટેસ્ટેડ કસબની સાડી ચણીયા - ચોલી
- પ્લેઈન જોર્જટ સાડી મટીરીયલ
- પીટા અને કસબની ઘરચોળાની બોર્ડરો
- દરેક પ્રકારનું ભરતકામ ઑર્ડરથી કરાવી આપીશું
- બટ કસબના નવા સેમ્પલો
- ફેન્સીબ્લા અને બોર્ડરોમાં નવો સ્ટોક

**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

૧/૩૫૬, રાજ નિકેતન, માટુંગા પોસ્ટ ઑફિસ સામે, તેલંગ રોડ, માટુંગા (C.R.) મુંબઈ - ૪૦૦ ૦૧૯.

ફોન : 2411 5906 / 86522 39537 • સોમવારના બંધ

# 'પરબ' - રણમાં મિઠી વીરડી

**'પરબ'** નામ સાંભળતાજ હૈ ય્યામાં કેવી ટાઢક વળી જાય છે. દૂરથી ચાલ્યા આવતા પથિકને થાક અને ગરમીથી થાકેલા - તરસ્યા તન-મન ને શીતલ છાંયડામાં, બેસવા માટે ઓટલો, ઠંડા-મીઠા પાણીનું માટલું, અને વટવૃક્ષનો છાંયડો મળે તો તે પથિકને જે હાસકારો/ટાઢકતાનો અનુભવ થાય, તેવોજ શીતલ છાયાનો અનુભવ, છેલ્લા ૧૫ વરસથી મારા જેવી અનેક ગૃહિણીઓને થાય છે.




૨૦૦૧માં કચ્છના ભુકંપનું નિમિત્ત, અને કર્મોની કઠણાઈ થકી, મારા પતિદેવની સારી-ભલી નોકરી છુટી, અને બીજી મળતા-મળતા ૪-૬ મહીના નિકળી ગયા. એ દિવસોમાં 'પ્રકાશ સમીક્ષા'માં પરબની જાહેરાત વાંચીને, હું પહોંચી ગઈ પરબની વ્યવસ્થાપક બહેનો પાસે, મારા હાથથી બનાવેલ - વડી, પાપડ, સુકવણીના નમુના લઈને બતાવવા, આવડે છે, પરંતુ વેંચાણ-ઉદ્યોગનો અનુભવ નથી. પરબની માર્ગદર્શક બહેનોએ ઉત્સાહ વધાર્યો - એમ કહીને કે - ''ઉનજી ચેંધા અંઈ મ કયો - આંઈ બસ સારો - ટેસ્સ્ટી માલ ભનાઈજા'' અને હું લાગી ગઈ કામે.

એકાદ મહિનામાં પરિવારજનોની મદદથી, વડી, પાપડ અને સુકવણીનો જાત મહેનતથી માલ બનાવી, પરબના ગૃહઉદ્યોગ મેળામાં પહોંચી ગઈ. પરબના નેજા હેઠળ, જગ્યા, જાહેરાત અને ગ્રાહકોથી ઓળખાણ થઈ, પરબની અધિકારી બહેનો પાસેથી માર્ગદર્શન મળતું ગયું અને વિકાસની કેડી પર વણથંભી આગળ વધતી ગઈ. પંદર વર્ષના પ્રવાસમાં - આર્થિક વિકાસ, સામાજીક પરિચય, અને સ્વહસ્તે બનાવેલ ખાદ્ય પદાર્થોનું વેચાણ અને વખાણ બન્ને વધતા ગયા.

હવે તો ઉમર અને શારીરીક અસમર્થતાને લીધે, ગતિ ધીમી પડતી જાય છે. ફરી કોઈ યુવાન વ્યક્તિ આ કાર્યને આગળ વધારે, જેથી એની રોજની આદત-આવડત બની જાય અને બીજાઓ માટે આસ્વાદ અને આર્શિવાદ બની જાય એજ અભ્યર્થના.

પરબ સંસ્થાની માર્ગદર્શન અને વિનમ્ર વ્યવહારથી, જરૂરીયાત મંદ બહેનોનું ફક્ત સ્વમાન જળવાતું જ નથી, પરંતુ આત્મસન્માનમાં વધારો થતો જાય છે. ગૃહિણીઓની રસોઈની આદતને, આત્મસન્માન વધારનાર અને સાથે-સાથે આર્થિક વિકાસનું સાધન બનાવવાનું પ્રોત્સાહન આપતી-પરબ અને તેની અધિકારી બહેનોનો ખૂબ ખૂબ આભાર અને વટવૃક્ષ જેવી સંસ્થા જરૂરત મંદ બહેનો માટે છાંયડો બને એજ અભ્યર્થના !

પરિશ્રમ નો કોઈ વિકલ્પ નથી, એ મંચની સાર્થકતા સાબિત કરતી 'પરબ'ની વિચારસરણી, રોજની આદતને રોજી ની આવક બનાવવામાં માર્ગદર્શકનો ભાગ ભજવતી પ્રવૃતિ અને ગૃહીણીઓનું આત્મસન્માન વધારે એવું પ્રોત્સાહન વર્ધક વ્યવહાર કોઈ પણ નિરાશ સ્ત્રીને આશાન્વીત કરી નાખે, ત્યારે 'પરબ' માટે નયા દૌરનું અર્થ સભર ગીત યાદ આવી જાય -

''સાથી હાથ બઢાના - સાથી હાથ બઢાના, એક અકેલા થક જાયેગા, મિલકર બોજ ઉઠાના - સાથી હાથ બઢાના !!

સાથે-સાથે યુવા પેઢીને આવ્હાન કે, પરબના ૨૫ વરસની ઉંમરે પ્રવૃતિઓને વેગવાન બનાવવા, જરૂરથી સામેલ થઈ સાથ સહકાર આપશોજી.

- **સૌ. લીલા સનત ખોના,** ડોંબીવલી

---

# જ્ઞાતિના ગર્વ આપાવનારા જ્ઞાતિ રત્નો

આપણી કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિ બહુરત્ના વસુંધરા જેવી છે. રાષ્ટ્રીય ક્ષેત્રે વડા પ્રધાન સાથે ઘરોબો સાધનારા આપણા અનન્ય મુરબ્બી જ્ઞાતિજન અને કચ્છના ભૂતપૂર્વ લોકસભા સદસ્ય સ્વ.શ્રી ભવાનજી અરજણ ખીમજીની પવિત્ર યાદ ને તાજી કરે અને તેમના ચીંધ્યા માર્ગે અનુસરનારા આપણા મૂઠી ઊંચેરા મુરબ્બી જ્ઞાતિજનો સર્વશ્રી કિશોર શામજી કુરૂવા તથા ભરત નવિન ખોનાએ કોચીનમાં વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની સારા એવા સમય માટે મુલાકાત કરનારા અને કોચીન ગુજરાતી સમાજના માન્યવર પ્રતિનિધિ રૂપે ગુજરાતી સમાજના ઈતિહાસ અને ગતિ વિશેની સંપૂર્ણ પણે વાકેફ કરનારા સંપૂર્ણપણે સફળ પણે વાકેફ કરનારા સંપૂર્ણ પણે સફળ રહ્યા હતા અને યશના ભાગીદાર બન્યા.

તેઓ જ્ઞાતિને ગર્વ અપાવનારા જ્ઞાતિ રત્નો બેશક પૂરવાર થયા છે. તેમને હાર્દિક અભિનંદન !

- **કાંતિલાલ કેશવજી મોતા,** મુલુંડ


શુભેચ્છા સહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,

૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઇ-૯.

શુભેચ્છાઓસહ *Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No. 11-0404

**રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની**

સંપર્ક : 08879677709

સમાચાર સંકલન
સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## ડોંબીવલીમાં મહિલાઓની ફ્રી ચેકઅપ

શ્રી ડોંબીવલી વેલફેર ગ્રુપ સંચાલિત માતુશ્રી પ્રેમાબાઈ લક્ષ્મીચંદ લાપસીયા મેડીકલ સેન્ટર અંતર્ગત કીરીટ એ. લાપસીયાના આર્થિક સહકારથી મહિલા દિન નિમિત્તે તા. ૮/૩/૨૦૧૬ના ક.દ.ઓ. મહિલાઓ માટે વિવિધ પ્રકારની ફ્રી મેડીકલ ચેકઅપનું આયોજન કરવામાં આવ્યું છે.

ઉપલબ્ધ સેવાઓ : સવારના ૯ થી ૧૨.૩૦ અને બપોરે ૩.૩૦ થી સાંજે ૭ સુધી ફ્રિ દાંતની તપાસ, ડૉ. વૈશાલી પગારે એ દ્વારા અમી રોજાની તકલીફોની તપાસ, સલાહ, સવારે ૯ થી ૧૦ ફાસ્ટીંગ બ્લડસુગર અને સવારે ૯ થી ૧૨.૩૦ બ્લડ ચેકીંગ હેમંત પેથ લૅબ વર્લ્ડ દ્વારા ડૉ. અમીતા ત્રિવેદી દ્વારા થશે. હોમિયોપેથી સલાહ સવારે ૧૦ થી ૧૨.૩૦, જનરલ ફીજીશિયન ડૉ. શોભા હતીમાથુર દ્વારા તપાસ સલાહ બપોરે ૩.૩૦ થી સાંજે ૭, ડૉ. વિનય બ્યાદગી દ્વારા ફ્રી આંખના તપસા સાંજે ૫ થી ૬.

## મુલુંડમાં મહાકાળી ભાવના

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા આયોજીત શ્રી મહાકાળી માતાજીની ભાવના તારીખ ૧૪/૨/૨૦૧૬ના રાતના ૯ વાગે શ્રી વાસુપુજ્ય જિનાલય મધે રાખવામાં આવેલ છે.જેનો લાભ શ્રી મીતેશ જવેરચંદ (લક્ષ્મીચંદ) લોડાયા પરિવાર- રાપર વાળાએ લીધેલ છે. રીદ્ધી સીદ્ધી મંડળ પધારશે.

આવતા માસની ભાવના તા. ૨૦/૩/૨૦૧૬ના શ્રી દોટજી દામજી ખોના પરિવાર - જખૌ વાળાની છે.

## સખીવૃંદ પુના

સખીવૃંદ પુનાની ૧૬ જાન્યુઆરીની મિટિંગ ભાવનાબેન ખુશાલ મહેશ્વરીએ ફેશનના વિષય વસ્તુના આધારે ગોઠવી હતી. ભાવનાબેને અગાઉથી આપેલ ડ્રેસ્સ કોડ મુજબ દરેક વય જુથની બહેનોએ સાજ શૃંગાર કર્યો હતો જે સંક્રાંત ને પણ અનુરૂપ હતો.

મિટિંગનું સંચાલન પારંગત ફેશન ડીઝાઈનર ફોરમ નરેન નાગડાએ કર્યું. તેઓ ટેલિવિઝન સીરીઅલ્સમાં Stylist તરીકે મુંબઈમાં કાર્યરત છે ને પોતાનું ડીસાઈનર લેબલ 'Once F' ચલાવે છે.

ફોરમે પોતાની આગવી કળાથી મર્યાદિત સમયમાં પાવર પોઈન્ટની મદદથી ફેશનની ઘણી પદ્ધતીઓ વિસ્તારપૂર્વક અને અસરકારક રીતે રજૂ કરી. ફોરમનું ખાસ કહે હતું, તમારા બાંધાને અનુરૂપ ડ્રેસ પહેરવું જોઈએ રોજીંદા જીવનમાં પણ વસ્ત્ર પરિધાનને લક્ષમાં રાખવો જોઈએ.

જૂની સાડીમાંથી જાકેટ, પરદા, પર્સ, પ્લાઝો પેન્ટ્સ તથા બ્રોંચ બનાવી શકાય એના પર પ્રકાશ પાડયો. સ્કાર્ફ ને ભારતીય તેમજ પશ્ચિમી પરિધાન પર કેમ પહેરવું અને સાડીને ધોતી અથવા પ્લાઝો પેન્ટ્સ પર કેવી રીતે પહેરવું એનું સભ્ય બેહેનોને બોલાવી એમના પર સુંદર પ્રત્યક્ષીકરણ કર્યુ.

ખુશાલ ભાઈએ ફોટો સ્ટુડીઓ સેટઅપમાં દરેકના ફોટા પાડ્યા અને સર્વે ને તેજ દિવસે યાદગીરી રૂપે ભેટ આપ્યા.

કિચન ક્વીનની બીજી કડીનું ઈનામ વંદના મણીલાલ ધરમશી દ્વારા ઘોષિત થયા. જે મુજબ ગ્રુપ 'A' ના વિજેતા પ્રથમ દિવ્યાબેન ચેતન ખોના અને બીજું ઇનામ જેસલબેન ધવલ દંડ. ગ્રુપ 'B' ના વિજેતા પ્રથમ કિર્તિબેન જયંત નાગડા ને બીજું ચંદ્રિકાબેન કિશોર રતાણી ને આપવામાં આવ્યું. મકર સંક્રાન્તની ઉજવણી રૂપે મંડળ, વતી સૌને હલ્દી કુમકુમ કરી ભેટ અપાઈ.

## ભાંડૂપમાં શત્રુંજય તીરથના સોળ ઉદ્ધારો

ભાંડુપમાં ચા.મા. ગુરૂદેવ શ્રી જિનેન્દ્ર ગુણાશ્રીજી મ.સા. આદી ઠાણાની ગુર્વાજ્ઞાએ શ્રી શત્રુંજય તીર્થની સ્ટેજ શો કાર્યક્રમ ચેતના હરિયાના સંચાલન અને હાર્દિક શાહના સંગીતે સંપન્ન થયો. સોળ પરિવારોએ ચઢતા પરિણામે લાભ લઈ ઉદ્ધારકોના ઈતિહાસને જીવંત કર્યો હતો. શ્રી સંઘ તરફથી સ્વામી ભક્તિ હતી.

પર્વના એક કર્તવ્યે રૂપે અ.સૌ. ચંદનબેન નારાણજી ગોસર બાયઠ હસ્તે પરેશભાઈ તરફથી ''સ્વામી વાત્સલ્ય'' રહ્યું સાથે વિધીકાર શ્રી કેશવજીભાઈ ગડાના સંગાથે શ્રી સિધ્ધચક્ર - મહાપૂજન ભણાવાયું. ૫૫૦ જણ જોડાયા. જીવદયામાં રૂા. ૧૮૦૦૦નો ફાળો થયો. આ ચાતુર્માસ ગુરૂદેવોની સંગાથે અગીયાર દિવસ પર્યંતે શ્રી ભક્તામર મહાપૂજન સા.શ્રી યથાર્થગુણાશ્રીજી મ.સા.એ શુદ્ધ મંત્રોચ્ચાર સાથે કરાવ્યું.


ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551

યુ. કે. ખીમજી એન્ડ કાં. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.



લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

અવસર સારીઝ

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

પૂ. આ.ભ. ગુણસાગરસૂરીશ્વર મ.સા.ની ૨૭મી પુણ્યતિથિ અને સા.શ્રી નિરંજનગુણાશ્રીજી મ.સા.ની છઠ્ઠી પુણ્યતિથિએ ત્ર્યાન્હિકા મહોત્સવ. પૂજા-ગુણાનુવાદ અને અંતે ભક્તામર મહાપૂજનને લાભાર્થી પરિવારનો તરફથી સંપન્ન થયું. પૂજનની વિધિ પ.પૂ. સા.શ્રી યથાર્થગુણાશ્રીજી મ.સા. પંચમ સ્વરે કરાવી. આકર્ષક માંડલો તોરલ અભય ખોનાએ ચિત્રિત કર્યો. ઉપસ્થિતોએ સ્વામીભક્તિનો લાભ આપ્યો.

રવિવારના શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ દ્વારા સ્વરસ્વતી પૂજન ભણવાયું ૨૨૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. પૂજન પ.પૂ. સા.શ્રી યથાર્થગુણાશ્રીજી મ.સા.એ શુદ્ધ મંત્રોચ્ચારે કરાવ્યો. સૌએ ચૌવિહારનો લાભ આપ્યો. સંઘના પ્રમુખ શ્રી અનુજભાઈએ આવકાર આપી આભાર માન્યો.

ભા.શુ. પાંચમના પ.પૂ.સા.શ્રી વંદનગુણાશ્રીજી મ.સા.નો જન્મ દિવસ હોતા સકળ શ્રી સંઘ તરફ ''ગુરૂપૂજન''નો લાભ રૂા. ૧૧૧૧૧/-માં અ.સૌ. જયાબહેન લક્ષ્મીચંદ દંડ, સાંધવ વાળાએ લીધો.

આસો માસની આયંબીલની ઓળીનો લાભ સ્વ. અ.સૌ. જયાબહેનના આત્મ શ્રોયાર્થે લક્ષ્મીચંદ નરશી દંડ, સાંધવવાળા સહ પરિવાર લઈ, નિત્ય તપા-રાધકોને પીરસી અંતે પારણા કરાવી પ્રભાવવાનો લ્હાવો લીધો. પૂ. સા.શ્રી. વંદનગુણશ્રીજી મ.સા. નિત્ય શ્રીપાળ - મયણાનો રાશ નું તત્વ સમજાવી તૃપ્ત કરતાં સા.શ્રી યથાર્થગુણશ્રીજી મ.સા. સિધ્ધચક્રની આરાધના કરાવતા. ૭૫ આરાધકોની શ્રી સંઘે વૈયાવચ્ચ કરી શ્રી મધુબેન લહેરચંદ ડાઘા સાથે અન્ય બહેનોએ આયંબીલની વ્યવસ્થા જાળવી. સંઘે લાભાર્થી પરિવારની અનુમોદનાસહ બહુમાન કર્યું.

અનંત મિત્ર મંડળ આયોજિત શ્રી મહાકાલી માતાજીની સાધના, આરાધના, ભાવના તથા રાસ ગરબાનું આયોજન કરતા નવેનવ દિવસ લાભાર્થી ૪૫ પરિવારો સહિત મા ભક્તોએ હાજરી આપી. રાસ ગરબા લીધા. વિનય લોડાયાએ અસલ કાઠીયાવાડી સાદે ગરબા માપા. યોગેશ પટેલે લયબદ્ધ તબલા બગાડ્યા. નવ દિવસ સુધી ફાલ્ગુન સુધી ફાલ્ગુની ખોનાએ સંચાલન કર્યું. રોજ ત્રણ લકી નંબર રહેતા અને એક ને લકી નંબરે પાવાગઢ યાત્રાનો ડ્રો રહેતો. કિરીટ લોડાયાએ મંડળની પ્રવૃતિનો ચિતાર આપી સૌ સહાયકોનો આભાર માન્યો હતો.

### લાલા-સાંધવ દંડ પરિવારની સાતમી પહેડી યોજાઈ

રવિવાર, તા. ૨૪ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ લાલા-સાંધવ દંડ પરિવારની ''શ્રી ગજોડવાલા જાગરની સતો'' દાદાની સાતમી પહેડી ભાંડુપ સ્થિત શ્રી અનંત સિધ્ધિ એ.સી. હોલમાં યોજાઈ હતી. બન્ને ગામના ભાવિકો અને નિયાણી બહેનોએ સહપરિવાર મોટી સંખ્યામાં (૨૬૫) હાજરી આપી હતી. વિશેષ અતિથિ મુંબઈ મહાજનનાં પ્રમુખશ્રી કલ્પેશ માણેકજી મોતા હતા.

બહુમાન કાર્યક્રમ દરમ્યાન બન્ને ગામનાં ધોરણ નર્સરી-KG. 1st થી કરીને ગ્રેજ્યુએટ-પોસ્ટ ગ્રેજ્યુએટ ૩૭ વિદ્યાર્થીઓનું વિવિધ યોગ્ય-ઉચિત ઈનામોથી સન્માનિત કરવામાં આવેલ. પર્યુષણમાં અઠ્ઠાઈ કરનાર ૮ તપસ્વીઓનું બહુમાન થયેલ. અતિથિ વિશેષ શ્રી કલ્પેશભાઈ મોતાનું, ૭૦ વર્ષ ઉપરના ૬ વડીલોનું, સર્વે પહેડીના લાભાર્થી પરિવારોનું તેમજ ૫ ભુવાશ્રીઓનું અંતે ૩ ભુઈમાંઓનું બહુમાન કરવામાં આવેલ. ચેતના હરીયાની સંગીત પાર્ટીના પરંપરાગત ભક્તિમય ગીતો સાથે બહેનોએ અને ભાઈઓએ રાસ ગરબાની રમઝટ બોલાવી હતી.

### ભાવના મંડળ, જલગામ

ભાવના મંડળ જલગામ દ્વારા તા. ૬-૧૨-૨૦૧૫ રવિવારના સૌ. કશમિરાબેન લોડાયાના જન્મદીન નિમિતે એમના ઘરે નવકાર મહામંત્ર ના જાપ રાખવામાં આવેલ. જાપ પછી મંડળની બહેનોને જમવાનું રાખેલ. જાપ પછી વન મિનિટ ગેમ રમાડવામાં આવી.

૧૩ જાન્યુઆરીના હર્ષીકાબેન સોનીના ઘરે નવકાર મહામંત્રના જાપ રાખવામાં આવેલ. જાપ પછી વન મિનિટ ગેમ રમાડવામાં આવી.

તા. ૧૯ જાન્યુઆરી મંગળવારના ભાવના મંડળની વાર્ષિક પિકનીક યોજાઈ. વિવિધ ગેમ્સ રમ્યા ધાકિપઝલ ''નમોઆપરીયાણ'' કાશમીરા લોડાયાએ રમાડી. વન મિનિટ ગેમ, ધાર્મિક ગેમ્સ રમાડી. ગેમમાં પ્રથમ ટીનાબેન પોલડીયા, કાશમીરાબેન લોડાયા, સરલાબેન ગોસર, દક્ષા મોમાયા અને દ્વિતીય જયાબેન મોમાયા, હર્ષીકાબેન સોની, વિજયાબેન શહાનંદ, મધૂ મોતા, નલીની મોમાયા વિજેતા બન્યા.

કાર્યક્રમને સફળ બનાવવા અધ્યક્ષ વિજયાબેન શહાનંદ અને ઉપાધ્યાક્ષ સૌ. કાશમીરા લોડાયાએ પરીશ્રમ લીધો.

તા. ૧૮ જાન્યુઆરી સોમવારના વાર્ષિક મિટીંગ થઈ.

### કુ. ખુશી રાજેશ મોતા

૧૨ વર્ષીય ૭મા ધોરણમાં ભણતી કુ. ખુશી રાજેશ મોતા (તેરા)એ સુધીર કોમ્પલેક્ષ ક્રિડા ઉત્સવમાં સ્લો સાઈકલીંગ હરિફાઈમાં પ્રથમ પારિતોષિક હાંસલ કર્યું.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

## રાણપર ગામે મહોત્સવ

રાણપર ગામે તા. ૩૦/૧/૨૦૧૬ના શ્રી હનુમાનજી અને શ્રી વાછરા દાદાની પ્રતિષ્ઠા ઉજવાઈ. નવ નિર્મિત મંદિર તેમજ, પ્રતિષ્ઠા તથા પહેડી પ્રસાદ સંઘવી શ્રી ભાગચંદ દામજી જૈન પરિવાર તરફથી કરવામાં આવેલ. આ પ્રસંગે શાંતિજિન જાગૃતિ ગ્રુપના આગેવાનો તેમજ લાલાવાસીઓ અને રાણપરવાસીઓ સારી સંખ્યામાં પધાર્યા હતા.

બે દિવસ મહાવીર સ્વામીની ભક્તિ રાખવામાં આવેલ. વિધિ વિધાન શ્રી વિનોદભાઈ વ્યાસ દ્વારા કરાવવામાં આવેલ.

## શ્રી પદ્‌મમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)

દર બુધવારના ગરીબોને ભોજન કરાવનાર દાતા - કાયમી તિથિ : સોહમ અને યશ રાજા ગાંધી (હસ્તે-માનબાઈ હિરાચંદ નાગડા - ઘાટકોપર), વિદાન પ્રતિક દંડ (મુંબઈ), બીપીન કુમાર મોતીચંદ ધરમશી (હસ્તે - ચંદનબેન મોતીચંદ ધરમશી, હુબલી), મનીષ સુમતિચંદ લોડાયા (નાશિક), ભાનુબેન મણીલાલભાઈ ધુલ્લા (મુલુંડ), હીરાબેન નરશી દંડ (હૈદરાબાદ), પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મહારાજ સાહેબ (નાશિક - હસ્તે - ખુશાલભાઈ), શ્રીમતી ગંગાબાઈ નરશીભાઈ દંડ (મલકાપૂર), કુંવરબાઈ દામજી ભારમલ નાગડા (લોનાવલા), માતુશ્રી ધનબાઈ કેશવજી લોડાયા (હસ્તે - ઝવેરચંદ કેશવજી લોડાયા), તારાબેન મેઘજીભાઈ ભાણજી પોલડીયા (નાગપુર), શા. કિરણ રામજી ડાઘા (મુલુન્ડ), શ્રીમતી ચંદનબેન મોતીચંદ ધરમશી, પિતાંબર લાલજી ખોના (ખંડવા - સાંઘવ), નમીતા જીનેશ પાલાણી (હસ્તે - ઈદુંબેન ઉત્તમચંદ મૈશેરી), નેરૂલ સંઘ (નેરૂલ)


**સાંયરા (કોઠારા પાસે) વાડી વેંચવાની છે.**

**સાંયરા ગામની સીમમાં કુવો અને બે કોશ સાથે ચાલે એવી ૪.૫ એકરની વાડી વેંચવાની છે. આજુ બાજુના ખેતરો તથા વાડીઓ પણ આપણા જૈન ભાઇઓની જ છે. રસ ધરાવનાર વ્યક્તિઓ જરૂર થી સંપર્ક કરે...**

વધુ માહિતી માટે સંપર્ક

**શ્રી પદમશીભાઇ (સાંયરા) (વાડીના માલિક)**

મો. : 09824351995 ફોન : 0265-2281846


## કચ્છ એકમ દ્વારા કચ્છમાં જ્ઞાતિના સમૂહ લગ્ન યોજાશે

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન કચ્છ એકમ આયોજિત જ્ઞાતિના સમુહ લગ્ન અગામી તારીખ ૦૧/૦૫/૨૦૧૬ રવિવારના શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમૂહ લગ્ન ટ્રસ્ટ દ્વારા યોજાશે. જેમાં જોડાવવા ઈચ્છુક કુમાર / કુમારિકાના વાલીઓએ તા. ૩૧/૦૩/૨૦૧૬ સુધી ફોર્મ ભરી કાર્યાલયમાં જમા કરાવવાના રહેશે. કચ્છ એકક્મ અને સમૂહ લગ્ન ટ્રસ્ટના કાર્યાલયનો નવો એડ્રસ નોંધી લેવા વિનંતી : શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન કચ્છ એકમ, પ્લોટ નં. ૫૯, સેક્ટર નં ૧/એ, નવી શાક માર્કેટની પાછળ, પોસ્ટ : ગાંધીધામ (કચ્છ) પીન - ૩૭૦ ૨૦૧. કોન્ટેક્ટ નં - 098252 87555, 098251 38103, ઈમેલ : kutchekkam@gmail.com

ફોર્મ મેળવા સંપર્ક : શ્રી પ્રબોધભાઈ મુનવર, ભુજ - મો. 099251 69876, શ્રી અરવીંદભાઈ લોડાયા, ગાંધીધામ - મો. 098256 34649, શ્રી કિરણ મોતા, નલિયા - મો. 099259 91118

**ક્ષમા યાચના :**

● પ્રકાશ સમીક્ષાના અંક નં. ૪ તા. ૨૫-૧-૨૦૧૬થી તા. ૩૧-૧-૨૦૧૬ના અંકમાં છઠ્ઠા પાને છપાયેલ ગુજરાતી-અંગ્રેજી લખાણ કે.ડી.ઓ. ગ્લોબલ સમિટના ઈવેન્ટ પાર્ટનર શ્રી હંસ ભવાનજી અરજણ ખીમજીએ સમિટ સમક્ષ કરેલા ભાષણ પર આધારિત હતું.

● પ્રકાશ સમીક્ષાના અંક નં. ૫ તા. ૧-૨ થી તા. ૭-૨-૨૦૧૬ના અંકમાં ૩જા પાને છપાયેલ કે.ડી.ઓ. ગ્લોબલ સમિટના ઈવેન્ટ પાર્ટનર શ્રી હંસ ભવાનજી અરજણ ખીમજીએ બેંગલોર સમિટની ટીમને આપેલ અભિનંદન અંગેના સમારંભ વિશેના અંગ્રજી રિપોર્ટમાં તે કાર્યક્રમની તા. ૨૨-૧-૨૦૧૬ને બદલે શરતચૂકથી તા. ૨-૧-૨૦૧૬ વંચાય છે.

● પ્રકાશ સમીક્ષાના અંક નં. ૫ તા. ૧-૨-૨૦૧૬થી તા. ૭-૨-૨૦૧૬ના અંકમાં ૧૪માં પાને છપાયેલ કચ્છ એકમમાં ગાંધીધામ વિસ્તારને વધારે પડતું પ્રતિનિધિત્વ શીર્ષક હેઠળનું ચર્ચા પત્ર શ્રી શામજી પદમશી છેડા (નલિયા-ગાંધીધામ) એ લખેલ હતું.




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**



**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

## નવા/બદલાયેલા સરનામા – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **મહેશ આર. શાહ (ધ્રોળ)** | ૧૭૦૧, વીર ટાવર, દેવનગર દેરાસર માર્ગ, પવાર પબ્લિક સ્કુલ પાસે, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭. ફોનઃ ૨૮૦૫ ૯૫૯૫ |
| **બેલા હિમાંશુ મોમાયા (શાહ)** | ઓમકાર સ્વરૂપ કો.હા.સો., રૂમ નં. ૨૩, બીજે માળે, સર્વેશ હૉલ પાસે, શહીદ ભગત સિંઘ રોડ, ડોંબિવલી (પૂર્વ) - ૪૨૧ ૨૦૧. |
| **મંજુલા એસ. નાગડા** | એ ૭૦૧, ભવ્ય હાઈટ્સ, કાત્રક રોડ, રામ મંદિર પાસે, વડાલા (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૩૧. |
| **શ્રીમતી મીનાબાઈ મણીલાલ ધરમશી** | ફ્લેટ નં ૩, સુનિધિ એપાર્ટમેન્ટ, બંસીધર એપાર્ટમેન્ટ સામે, દક્ષિણી સોસાયટી, મણિનગર, અમદાવાદ - ૩૮૦ ૦૦૮. મો.: ૦૯૩૭૭૬ ૦૨૦૦૩ |
| **પદમસી હીરજી શાહ (ગડા)** | ૬૦૧-બી, પ્રિક્ષીત કો.હા.સો., ચાફેકર બંધુ રોડ, મુલુંડ (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૮૧. મો.: ૯૮૨૦૦ ૪૨૦૧૧ |
| **જીતેન્દ્ર મેઘજીભાઈ દંડ** | ગાયત્રી એપાર્ટમેન્ટ, ફ્લેટ નં. ૪, ૧લે માળે, પટેલ પેંડા (રાજકોટવાલા) સ્ટ્રીટ, આરોહી એપાર્ટમેન્ટ સામે, જામનગર (ગુજરાત). મો.: ૯૪૨૬૭ ૩૩૩૬૬ ફોન : ૨૭૫૨ ૫૭૫ |
| **હિરેન વિસનજી પોલડીયા** | પ્રણવરાજ એપાર્ટમેન્ટ, બી વિંગ, રૂમ નં. ૮, ભાનુશાલી નગર, અકૉર્ડ હોસ્પીટલ પાસે, મુન્દ્રા રોડ, ભુજ (કચ્છ) - ૩૭૦ ૦૦૧, (ગુજરાત) |
| **જલ્પા એચ. જૈન** | ૦૦૧, સમન્વય એપાર્ટમેન્ટ, ૩૯ અરૂણોદય સોસાયટી, કૉસવર્ડ પાસે, અલકાપુરી, વડોદરા - ૩૯૦ ૦૦૭, (ગુજરાત) |
| **સંજય એલ. મોતા** | ૨૫, બીનોરી રોઝેલા, આરોહી ક્લબ રોડ, ભીમનાથ મહાદેવ મંદિરની સામે, ઘૂમા, અમદાવાદ - ૩૮૦ ૦૫૮. |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬-૧૨-૧૫ | | પ્રાચી, ઉર્વિ જીનેન હરીશ મહેશ્વરી | જખૌ | પુત્રી |
| ૧૫-૦૧-૧૬ | વડોદરા | દેવ, પ્રિયંકા દીપેશ જયચંદ ધરમશી | સુથરી | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૦૨-૧૬ | ડોમ્બીવલી | ચિંતન શરદ વેરશી શિયાલ | દલતુંગી | ૨૭ |
| | ડોમ્બીવલી | હેમાંગી ઉત્તમચંદ ડાહ્યાલાલ માલદે | દલતુંગી | ૨૨ |
| ૦૪-૦૨-૧૬ | મુલુંડ | ધનરાજ મેઘકુમાર ગોવિંદજી ખોના | કોઠારા | ૨૪ |
| | મુલુંડ | તન્વી ડોલર પ્રતાપ ગોવિંદજી લોડાયા | સુથરી | ૨૪ |

### અંતરજ્ઞાતીય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯-૦૧-૧૬ | નાલાસોપારા | ઉત્પલ દિનેશ ખીમજી ધરમશી | કોઠારા | ૨૮ |
| | નાસિક | ઉર્વી સંજય આહિરે | | ૨૮ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦-૧૨-૧૫ | કોચીન | કેવલ લલીતભાઈ લોડાયા | વરાડીયા | ૨૭ |
| | હૈદ્રાબાદ | વર્તિકા હરીશ પદમશી મોતા | કુવાપધર | ૨૩ |
| ૨૧-૦૧-૧૬ | ચેમ્બૂર | પ્રિયંક દેવેન્દ્ર કાંતીચંદ ખોના | સાંધવ | ૨૯ |
| | ચાલીસગામ | પ્રેક્ષા જીતેન્દ્ર શીવજી રતાણી | તેરા | ૨૭ |
| ૨૩-૦૧-૧૬ | ડોમ્બીવલી | ચંદ્રેશ મણીલાલ દેવજી ખોના | મંજલ-રેલડીયા | ૩૬ |
| | ડોમ્બીવલી | કિન્નરી રતીલાલ વેલજી લોડાયા | તેરા | ૩૨ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯-૦૧-૧૬ | મુલુંડ/અમલનેર | લીલબાઈ ઝવેરચંદ મૈશેરી | જખૌ | ૮૪ |
| ૩૧-૦૧-૧૬ | સાંતાક્રુઝ | અનુજ કૌશીક મહેન્દ્ર લાલજી લાપસીયા | રંગપુર | ૧૬ |
| ૦૩-૦૨-૧૬ | કોઈમ્બતુર | કાન્તાબેન કાનજી લોડાયા | નાની ખાવડી | ૮૪ |
| ૦૬-૦૨-૧૬ | અંધેરી | વેજબાઈ આણંદજી નાગડા | જખૌ | ૮૭ |

# શ્રી ક. દ. ઓ. જૈન કચ્છ એકમ ની નવી કારોબારી કમીટી



મહેશ ખીમજી લાલકા
પ્રમુખ



અરવિંદ લાલજી લોડાયા
ઉપપ્રમુખ



પ્રબોધ હિરાચંદ મુનવર
ઉપપ્રમુખ



લહેરચંદ આણંદજી ખોના
માનદ મંત્રી



રાજેન્દ્ર કુંવરજી લાલકા
સહ મંત્રી



નિરજંન નરશી લોડાયા
ખજાનચી



દિલીપ રતનશી મોતા
કારોબારી સભ્ય



મિતેશ મધુકાંત ધરમશી
કારોબારી સભ્ય



કીરણ લખમશી મોતા
કારોબારી સભ્ય



ધનપતી સોમચંદ શાહ
કારોબારી સભ્ય



જીતેશ શરદચંદ્ર મોમાયા
કારોબારી સભ્ય



રાજેશ મુલજી મૈશેરી
કારોબારી સભ્ય



જયેશ કુલીનકાંત લોડાયા
કારોબારી સભ્ય



કેતન આણંદજી મોમાયા
કારોબારી સભ્ય



વસ્તુપાલ તેજપાલ નાગડા
કારોબારી સભ્ય



હરીશ શીવજી લોડાયા
કારોબારી સભ્ય



મુકેશ હિરાચંદ દંડ
કારોબારી સભ્ય



હરેશ દામજી વિકમશી
કારોબારી સભ્ય



હિરાચંદ લક્ષ્મીચંદ છેડા
કારોબારી સભ્ય



જયેશ હિરાચંદ લાલકા
કારોબારી સભ્ય



દિનેશ નવીનચંદ્ર મોતા
કારોબારી સભ્ય

**New Administration Office Address :**

Plot No. 59, Sector 1-A, B/h. Muncipal Vegetable Market, Gandhidham (Kutch) 370 201.
Mob. : 98252 87555, 98251 38103 E-mail : kutchekkam@gmail.com

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

## શ્રી ક.દ.ઓ. જૈન શિક્ષણ સોસાયટી સંચાલિત શ્રી સી.ડી.ઓ. જૈન ઈંગ્લીશ મીડીયમ સ્કૂલનું ૧૧૧મું વાર્ષિક સ્નેહ મિલન


મંચ ઉપર સમિતિ ના સભ્યો તથા શિક્ષક વૃંદ


શાળા ના સમિતિ ના સભ્યો


મોટી સંખ્યા માં હાજર મહેમાનો

## ગાલા તથા લાલકા પરિવારનું ગૌરવ ચિ. કરણ અનીલ શામજી ગાલા - તેરા (વડોદરા)



ચિ. કરણએ CAT-2015 IIMની પરીક્ષામાં 99.98%થી વડોદરા શહેરમાં પ્રથમ ક્રમાંકે આવી કુટુંબ તથા જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે. અગવડો વચ્ચે તથા રીલાયન્સ જામનગરમાં જોબ સાથે અભ્યાસ ચાલુ રાખી સફળતા મેળવી ઉચ્ચ ઉદાહરણ પુરું પાડેલ છે.

ચિ. કરણને ખુબ-ખુબ અભિનંદન અને આ રીતે દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરે એવી શુભેચ્છા.

સતત પ્રેરણા આપી ઉત્સાહ વધારનાર શ્રી પ્રવીણભાઈ લોડાયા, વડોદરાનો પરિવાર અંતઃકરણપૂર્વક આભાર માને છે.

લિ. શાંતીલાલ કે. લોડાયાના જય જિનેન્દ્ર

દાદાણા : માતુશ્રી બાયાંબાઈ શામજી ગાલા પરિવાર (તેરા - વડોદરા) નાનાણા : માતુશ્રી સુશીલાબેન વીરચંદ લાલજી લાલકા પરિવાર (બાંઢીયા)

## દ્વિતીય પુણ્યતિથિએ અશ્રુભીની શ્રદ્ધાંજલિ

જન્મ :
તા. ૩૦/૦૫/૧૯૫૭



અરિહંત શરણ :
તા. ૨૨/૦૨/૨૦૧૪

### શ્રીમતી વાસંતી હીરાચંદ લાપસીયા

તમારા હેતની નહોતી કોઈ હદ, સ્નેહના નહોતા કોઈ સીમાડા...માં તારી આશિષમાં નહોતી કોઈ અધુરાશ,
કરૂણાનાં નહોતા કોઈ કિનારા... કેમ કરીને ભુલીએ તમારા સંભારણાં....

❖ સ્મરણકર્તા ❖

માતુશ્રી નિર્મળાબેન ચાંપશી પદમશી લાપસીયા પરિવાર ❖ પતિ - હિરાચંદ ચાંપશી લાપસીયા

પુત્રવધુ-પુત્ર : વર્ષા ચેતન હીરાચંદ લાપસીયા
પૌત્ર : હર્ષ - ભવ્ય દોહિત્ર : ક્રીશ - પાર્થ
પુત્રી : જસ્મીન રાકેશ ગોગારી (ડોણ-કચ્છ)
પુત્રી : કાજલ તેજસ ગોગારી (ડોણ-કચ્છ)

પિયર પક્ષ : માતુશ્રી ગંગાબાઈ પોપટલાલ જેતશી મોતા પરિવાર (ગોરખડી)

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,